RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 226* Date: 13.06.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઇરમા યુનિવર્સિટી ખાતે આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૪૧માં પદવીદાન સમારોહ ઉપસ્થિત રહ્યા

## જ્યાં સુધી વિસ્તારનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઇ શકે નહીં. : અમિત શાહ



આણંદ,તા.૧૨

ઈરમા યુનિવર્સિટી ખાતે આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૪૧માં પદવીદાન સમારોહ ઉપસ્થિત રહ્યા છે. આ દરમિયાન ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવી છે. જેમાં તેમને વિદ્યાર્થીઓને સંબોધિત પણ કર્યા હતા.

જેમા તેમણે જણાવ્યું કે, 'દેશના ગ્રામીણ વિકાસને વેગ આપવો, ગ્રામીણ વિકાસને દેશની અર્થવ્યવસ્થામાં ફાળો આપનાર બનાવવો અને ગ્રામીણ વિકાસ દ્વારા ગામડામાં રહેતા દરેક વ્યક્તિને સમૃધ્ધિ તરફ લઈ જવો, આ કર્યા વિના દેશ ક્યારેય આત્મનિર્ભર બની શકતો નથી.'

તેમણે વધુમાં જણાવ્યુ કે, 'તમને સારું જીવન જીવવાનો અધિકાર છે, પરંતુ સાથે સાથે જેઓ હજુ પણ સારા જીવનનું સ્વપ્ન જુએ છે, જેમના માટે શિક્ષણ હજુ પણ એક સ્વપ્ન છે તેમના માટે થોડો સમય કાઢજો.'

અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામીણ વિકાસ માટે સંપૂર્ણ ગ્રામીણ વિકાસ કેવી રીતે થઈ શકે તેની કલ્પના દેશ અને દુનિયા સમક્ષ મુકવાનું કાર્ય કર્યું છે. જ્યાં સુધી વ્યક્તિનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઈ શકે નહીં. જ્યાં સુધી વિસ્તારનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઈ શકે નહીં. વ્યક્તિના જીવનને અનુકૂળ બનાવીએ, વિસ્તાર અને ગામડાનો વિકાસ કરીએ તો જ ગ્રામ્ય વિકાસનું આ સ્વપ્ન સાકાર થાય છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું કે, વ્યક્તિ, ગામ અને વિસ્તારના વિકાસ માટે મોદી સરકારે ૮ વર્ષમાં ઘણું કામ કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, મોદીજીએ ૮ વર્ષમાં દેશના ખૂણે ખૂણે કરોડો લોકોના બેંક ખાતા ખોલાવ્યા. મોદીજીએ દરેક ઘરમાં વીજળી, શૌચાલય પહોંચાડવાનું કામ કર્યું છે. મોદી સરકાર દેશના દરેક ઘરમાં નળથી શુદ્ધ પાણી પહોંચાડવા માટે કામ કરી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગળ કહ્યું કે, સમુદ્રી જીવન વિશે જાગૃતિ વધારવી, દ્વિપોની સફાઈ કરવી અને એકલ ઉપયોગમાં આવતા પ્લાસ્ટિકને ખતમ કરવા માટે દુનિયા ૮ જૂનના રોજ મહાસાગર દિવસ મનાવે છે. સમગ્ર દુનિયામાં તેના પર ચર્ચા થઈ. આપણે દીવમાં પણ આવું કરી ચુક્યા છીએ. જે એકમાત્ર એવો વિસ્તાર છે, જ્યાં સમગ્રપણે સૌર ઊર્જાથી કામ ચાલે છે.

અમિત શાહે કહ્યું હતું કે તમને બધાને મળીને ખુશી થઇ છે.ઈરમાએ એવી સંસ્થા છે જેને ગ્રામિણ વિકાસ માટે ઉભી કરાઇ છે.તથા આજના સમય મુજબ ગ્રામીણ વિકાસ કરવો પડે તેમજ ગ્રામિણ વિકાસમાં આપનું યોગદાન રહેશે તથા સરદાર પટેલની ભૂમિ પર ઈરમાએ ગ્રામિણ વિકાસનું કામ ઉપાડયું છે જેમાં ઉપનિષદના અભ્યાસ વગર શિક્ષણ અધુરૂ છે. તેમણે કહ્યું કે ગરીબો માટે કામ કરજો તો આત્મસંતોષ થશે કરોડો કમાવવા કરતાં કોઈને આત્મનિર્ભર કરવાથી આત્મસંતોષ મળશે હું ૧૩ વર્ષની ઉમરથી સાર્વજનિક જીવનમાં છું તથા ગાંધીજીએ કહ્યું હતું કે દેશની આત્મા ગામડાઓમાં વસે છે તેમજ ઘરે ઘરે વીજળી પહોંચાડવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે તથા ગામોમાં સરકારે કનેકિટવિટી આપી જેથી આર્થિક ગતિવિધિ વધી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને વર્ષે ૬૦૦૦ રૂપિયા આપી આત્મનિર્ભર બનાવ્યા છે તથા આદિવાસીઓના વિકાસને પહેલાની સરકારોએ રૂધ્યો હતો.

પદવીદાન સમારંભ દરમિયાન પીજીડીએમ(આરએમ) ગ્રેજયુએટ અવિનીશ અરોરોને શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ કુચીભોટલા વાસંતી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો આ પ્રતિષ્ઠિત પુરસ્કારની સ્થાપના આજથી ૨૫ વર્ષ પહેલા પીજીડીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીની સ્વ સુશ્રી કુચીભોટલા વાસંતીના નામે કરવામાં આવી હતી જેમનું વર્ષ ૧૯૯૭માં એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં મૃત્યુ થઇ ગયું હતું. દિલીપી રથે ઈરમા અને રુરલ મેનેજમેન્ટના ક્ષેત્રના મહત્વ અને સૌ કોઇ માટે સમાવેશી વિકાસની ભારતની યાત્રામાં આ સંસ્થાની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો દિલીપ રથે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ઈરમા ગ્રામ્ય વિસ્તાર પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે સહકારી સેકટરમાં મેનેજમેન્ટનું શિક્ષણ આપવા માટેના સેન્ટર ફોર એકસીલેન્સ તરીકે ખુબ જ સારી સ્થિતિમાં છે આથી હું કેન્દ્રીય સહકાર મંત્રીને વિનંતી કરૂ છું કે ઈરમાને સહકારી મંડળીઓ માર્ટોની એક કેન્દ્રીય યુનિવર્સિટી તરીકે સ્થાપવામાં આવે જેના માટેનો એક પ્રસ્તાવ પણ સોંપવામાં આવ્યો છે

## પુલવામામાં સુરક્ષાબળોને સફળતા મળી ૪ આતંકવાદી ઠાર, સર્ચ ઓપરેશન શરૂ



જમ્મુ,તા.૧૨

જમ્મૂ કાશ્મીરના પુલવામામાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાબળોએ અહીં ૪ આતંકવાદીઓને ઠાર માર્યા છે. માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી પાકિસ્તાની સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. સુરક્ષાબળોએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર દારૂ ગોળા જપ્ત કર્યા હતા. સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી સ્થાનિક હોવાનું કહેવામાં આવી રહ્યું છે અને લશ્કર સાથે જોડાયેલા છે. કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે કહ્યું કે સુરક્ષાબળો સાથે અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે.

પુલવામામાં સુરક્ષાબળો સાથે અથડામણ દરમિયાન આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી છે. કાશ્મીરના આઈજી વિજય કુમારે જાણકારી આપતાં કહ્યું કે આ ત્રણેય આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. તેમાંથી એક આતંકવાદીની ઓળખ જુનૈદ શીરગોઝરીના રૂપમાં કરવામાં આવી છે જે જમ્મૂ કાશ્મીરના વિશેષ પોલીસ અધિકારી રેયાઝ અહમદ થોકરની હત્યામાં સામેલ હતો. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં અથડામણ દરમિયાન માર્યા ગયેલા અન્ય બે આતંકવાદીની ઓળખ પુલવામા જિલ્લાના નિવાસી ફાજિલ નજીર ભટ્ટ અને ઈરફાન આહ મલિકના રૂપમાં થઈ છે. પોલીસે જાણકારી આપતાં કહ્યું કે તેમની પાસેથી એકે ૪૭ રાઈફલ અને એક પિસ્તોલ, દારૂ ગોળા સહિત આપત્તિજનક સામગ્રી મળી આવી છે. આતંકવાદીઓ વિરૂદ્ધ સુરક્ષાબળોનું શોધખોળ અભિયાન ચાલું છે.

## એઆઈએમઆઈએમ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પૂરી તાકાતથી લડશે : અસદુદ્દીન ઓવૈસી

હૈદરાબાદ,તા.૧૨

ગુજરાતમાં ૨૦૨૨ના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. તમામ રાજકીય પક્ષો ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. આવી સ્થિતિમાં શનિવારે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું છે કે તેમની પાર્ટી ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી લડશે. ઓવૈસીએ કહ્યું કે તેમની પાર્ટી પૂરી તાકાતથી ચૂંટણી લડશે.મીડિયા સાથેની વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે અમદાવાદ અને સુરતમાં નગરપાલિકાની ચૂંટણીઓ બાદ એઆઈએમઆઈએમ વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરી રહી છે. જો કે, તેમણે કહ્યું કે પાર્ટીએ હજુ નક્કી નથી કર્યું કે તે કેટલી સીટો પર ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે અમે કેટલી બેઠકો પર ચૂંટણી લડીશું તેનો નિર્ણય એઆઈએમઆઈએમ ગુજરાતના પ્રમુખ સાબિર કાબલીવાલા લેશે.

તે જ સમયે, અસદુદ્દીન ઓવૈસીની સાથે આવેલા હૈદરાબાદના સાંસદે કહ્યું કે તેઓ પાર્ટીને મજબૂત કરવાના ઈરાદાથી ગુજરાત આવ્યા છે. તેમણે કહ્યું કે ભુજમાંથી પણ અમારા ઉમેદવાર ઊભા રહેશે. જણાવી દઈએ કે ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જણાવી દઈએ કે ફેબ્રુઆરી ૨૦૨૧ની સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ સારું પ્રદર્શન કર્યું હતું. નગરપાલિકાની ચૂંટણીમાં પક્ષને જે પરિણામ મળ્યું હતું તે જ પરિણામની અપેક્ષાને કારણે આ વિધાનસભાની ચૂંટણીમાં પણ પક્ષ ઉમેદવાર ઊભા રાખશે. જણાવી દઈએ કે સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપને ૯૩ અને આમ આદમી પાર્ટીને ૨૭ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસને શૂન્ય બેઠકો મળી હતી.

ઓવૈસીએ ઝારખંડની રાજધાની રાંચીમાં સાંપ્રદાયિક લડાઈને લઈને કેન્દ્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે લોકશાહી માટે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે હિંસા ન થાય અને તેને રોકવાની સરકારની ફરજ છે. રાંચીમાં લોકો પર ગોળીબાર થયો, એવું ન થવું જોઈતું હતું. આવી ટિપ્પણીઓ બદલ નુપુર શર્મા વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે અને કાયદો પોતાનો માર્ગ અપનાવશે. અમને તેની માફીની જરૂર નથી. ભારતીય જનતા પાર્ટીના સસ્પેન્ડ કરાયેલા પ્રવક્તા નૂપુર શર્મા અને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા નવીન કુમાર જિંદાલની તાજેતરની વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને રાજધાની રાંચીમાં થયેલી અથડામણ વચ્ચે ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેને (તેમના રાજ્યમાં દરેકને આંદોલનથી દૂર રહેવા વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે, જૂનના પહેલા સપ્તાહમાં સસ્પેન્ડ કરાયેલા બીજેપી પ્રવક્તા નુપુર શર્માએ પયગંબર મોહમ્મદ વિશે કરેલી ટિપ્પણી બાદ સમગ્ર દેશમાં વિવાદ ઊભો થયો છે. નુપુર શર્માના નિવેદન સામે કેટલાક ખાડી દેશોએ વિરોધ પણ નોંધાવ્યો છે. જો કે, કેન્દ્ર સરકારે પુનરોચ્ચાર કર્યો છે કે પયગંબર મુહમ્મદ વિશેની વિવાદાસ્પદ ટીપ્પણીઓ સરકારના વિચારોને પ્રતિબિંબિત કરતી નથી અને કહ્યું કે ટિપ્પણી કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 'ખેલો હોબે' કરવા મમતા બેનર્જી તૈયાર, સોનિયા ગાંધીનું સમર્થન મળ્યું

કોલકતા,તા.૧૨

રાષ્ટ્રપતિની આગામી ચૂંટણીને લઈને પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ લીધેલી આગેવાનીને કોંગ્રેસનું સમર્થન મળ્યું છે.મમતા બેનર્જીએ વિપક્ષી નેતાઓની બેઠક બોલાવવાની પહેલ કર્યા પછી, તેમણે કહ્યું કે પરસ્પર મતભેદોથી ઉપર ઊઠીને એવી વ્યક્તિને પસંદ કરવાનો સમય આવી ગયો છે જે બંધારણ અને દેશની સંસ્થાઓનું રક્ષણ સારી રીતે કરી શકે.

તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ વિપક્ષના નેતાઓને પત્ર લખીને રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદના અનુગામી માટે ૧૮ જુલાઈની ચૂંટણી માટે એક સામાન્ય વ્યૂહરચના બનાવવા માટે નવી દિલ્હીમાં ૧૫ જૂને બેઠક બોલાવી છે. આ બેઠકમાં હાજર રહેવા વિપક્ષના નેતાઓને વિનંતી કરી છે.

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને એનસીપીના વડા શરદ પવાર, ટીએમસીના વડા મમતા બેનર્જી અને વિરોધ પક્ષોના અન્ય કેટલાક નેતાઓ સાથે વાત કરી છે. કોરાના વાયરસથી સંક્રમિત હોવાના કારણે સોનિયા ગાંધીએ, વિપક્ષના નેતાઓની બેઠકમાં વાતચીત મલ્લિકાર્જુન ખડગેને જવાબદારી આપવામાં આવી છે.

"કોંગ્રેસનો અભિપ્રાય છે કે દેશને રાષ્ટ્રપતિના રૂપમાં એક એવા વ્યક્તિની જરૂર છે જે બંધારણ અને આપણી સંસ્થાઓની રક્ષા કરી શકે, જેના પર શાસક પક્ષ દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે," તેમણે કહ્યું. આ સમયની જરૂરિયાત છે. કોંગ્રેસે કોઈ નામ સૂચવ્યું નથી, પરંતુ આપણા સૌની જવાબદારી છે કે આપણે એવી વ્યક્તિને રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરીએ જે ખંડિત સામાજિક તણાવને નાબુદ કરી શકે અને બંધારણનું રક્ષણ કરી શકે.

## દેશમાં કોરોનાના એક જ દિવસમાં નવા ૮ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,તા.૧૨

દેશમાં કોરોનાના કેસોમાં ઝડપથી સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૫૮૨ નવા કેસ નોંધાયા છે. એક દિવસમાં ૧૦ કોરોના સંક્રમિત દર્દીઓના મોત થયા છે. શનિવારે કોરોનાના ૮,૩૨૯ નવા કેસ નોંધાયા હતા. ગઈકાલના આંકડાની સરખામણી મુજબ કોરોના કેસમાં ૩ ટકાનો ઉછાળો આવ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ભારતમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા વધીને ૪૪,૫૧૩ થઈ ગઈ છે. દેશમાં સૌથી વધુ કોરોના કેસ મહારાષ્ટ્રમાં છે. શનિવારે મહારાષ્ટ્રમાં કોવિડના ૨,૯૨૨ નવા કેસ નોંધાયા હતા.

શનિવારે દિલ્હીમાં કોવિડ-૧૯ના ૭૯૫ નવા કેસ નોંધાયા હતા અને ચેપનો દર વધીને ૪.૧૧ ટકા થયો હતો. શહેરના આરોગ્ય વિભાગે આ માહિતી આપી હતી. વિભાગના સત્તાવાર ડેટા અનુસાર, અગાઉ ૧૩ મેના રોજ, દિલ્હીમાં ચેપના ૮૯૯ નવા કેસ નોંધાયા હતા અને ચાર લોકોના મોત થયા હતા, જ્યારે ચેપ દર ૩.૩૪ ટકા હતો.

ઉલ્લેખનીય છે કે ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના ??રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી.

## ચીનમાં કોરોના વિસ્ફોટની ચેતાવણી, શંઘાઇમાં મોટાપાયે ટેસ્ટિંગ શરૂઆત કરવામાં આવી

બીજીંગ,તા.૧૨

ચીનમાં કોરોના મહામારીથી ફરી એકવાર દહેશતનો માહોલ છે. રાજધાની બીજિંગમાં કોરોનાના ઘણા કેસ સામે આવ્યા બાદ હડકંપ મચી ગયો છે. અહીં કોવિડ ૧૯ના વિસ્ફોટ પ્રકોપની સ્થિતિથી લોકોની મુશ્કેલી વધી ગઇ છે. સરકારી સ્વાસ્થ્ય વિભાગ સાથે જોડાયેલા અધિકારોએ ચેતાવણી આપી છે કે રાજધાની બીજિંગમાં કોરોનાએ ઝડપથી પગ પેસારો કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બીજિંગમાં કોરોના વિસ્ફોટને લઇને ચેતાવણી જાહેર કરવામાં આવી છે.

બીજિંગના બે જિલ્લામાં કોવિડ ૧૯ ના વધતા જતા પ્રકોપને જોતાં સાવધાની વર્તવામાં આવી રહી છે. કોવિડના પ્રસારને ઓછો કરવા માટે શોપિંગ કોમ્પ્લેક્સ, નાઈટક્લબ અને કેટલાક મનોરંજન સ્થળોને બંધ કરી દેવામાં આવ્યા છે. સાથે જ ચીનની વાણિજિયક રાજધાની શંઘાઈમાં હેર અને બ્યૂટી સલૂન સાથે જોડાયેલા મામલે ઉછાળાને રોકવા માટે મોટાપાયે કોરોના ટેસ્ટિંગને શરૂ કરવામાં આવ્યું છે.

સ્વાસ્થ્ય વિભાગના અધિકારીએ શુક્રવારે શહેરમાં સામે આવેલા ૬૧ નવા સંક્રમિત કેસમાં તમામ બાર ગયા હતા અથવા તે સાથે જોડાયેલા છે. બીજિંગ નગરપાલિકા સરકારના પ્રવક્તા જૂ હેજિયાને મીડિયાને જણાવ્યું કે 'હેવન સુપરમાર્કેટ બાર' સાથે સંબંધિત કેસમાં હાલનો પ્રકોપ વિસ્ફોટક છે અને તેનાથી સંક્રમણ વધુ ઝડપથી ફેલાય શકે છે. બીજિંગમાં કોવિડ ૧૯ના ૪૬ નવા કેસ નોંધાયા હતા. શહેરમાં હાલ નવા પ્રતિબંધોની જાહેરાત કરવામાં આવી નથી. ચીનના સરકારી આંકડા અનુસાર ૧૪૦ કરોડ લોકોના દેશમાં કોવિડ ૧૯ મહામારીથી ૫,૨૨૬ મોત થયા છે. ચીન કોરોના મહામારીની શરૂઆતથી ખૂબ સતર્ક રહ્યું છે અને અહીં કોરોના પ્રતિબંધોનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે. દુનિયાભારમાં કોરોના મહામારી સાથે જંગ ચાલુ છે. જોકે ચીનમાં કોવિડ ૧૯ સંક્રમણનો દર વૈશ્વિક માપદંડોથી ખૂબ ઓછા કહેવામાં આવી રહ્યું છે. તેમછતાં ત્યારબાદ ચીનમાં જીરો કોવિડ પોલીસી લાગૂ છે અને તેના અંતગર્ત કોરોનાને ખૂબ કડક ચે. ચીનની સરકારનું માનવું છે કે ઝીરો કોવિડ પોલિસી હેઠળ નિયમ દેશના વડીલો અને મેડિકલ સુરક્ષાને લઇને લાગૂ કરવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# આક્રોશ અને ઉપદ્રવ



***પયગંબર વિવાદમાં ગત શુક્રવારે નમાજ બાદ દેશના કેટલાય શહેરોમાં જે રીતે હિંસક પ્રદર્શનો કરવામાં આવ્યાં અને એ દરમ્યાન કેટલીય જગ્યાએ પથ્થરમારો, તોડફોડ અને આગચંપીની સાથે પોલીસને પણ નિશાનો બનાવવામાં આવી, તે કોઈ સમજી-વિચારેલી રણનીતિનો હિસ્સો લાગે છે. આતંક પેદા કરનારી આ અરાજકતાનો પરિચય ભાજપના એ બે નેતાઓની પયગંબર સાહેબ પર કરાયેલી ટિપ્પણીઓ પર રોષ વ્યક્ત કરવાના નામે કરવામાં આવ્યો, જેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે, બલ્કે જેમના વિરુદ્દ્ધ ફરિયાદ પણ નોંધાઈ છે. આ કાર્યવાહીને અપૂરતી માનતાં શાંતિપૂર્ણ રીતે વિરોધ યોગ્ય છે અને બધાને તેનો અધિકાર પણ છે, પરંતુ આખરે લોકોને આતંકિત કરનારી ખુલ્લી અરાજકતાનો શો મતલબ? આ અરાજકતા કેટલી હદે બેલગામ હતી, તેને એના પરથી સમજી શકાય છે કે જ્યાં રાંચીમાં હિંસા પર કાબૂ મેળવવા માટે કરફ્યૂ લાદવો પડ્યો, જ્યારે કેટલાય અન્ય શહેરોમાં કલમ ૧૪૪ લાગુ કરવી પડી. ધ્યાન રહે કે એના પહેલાં ગુરુવારે જમ્મુ-કાશ્મીરના ભદ્રવાહમાં એક મસ્જિદથી ભડકાઉ નિવેદનો બાદ કરફ્યૂ લગાવવો પડ્યો હતો.***

***એની અવગણના ન કરી શકાય કે આક્રોશ વ્યક્ત કરવાના નામે ફક્ત ઉત્પાત નથી મચાવવામાં આવ્યો, બલ્કે બરતરફ ભાજપી પ્રવક્તા નુપૂર શર્માનું માથું કાપવાના નારા લગાવાયા અને તેમના પૂતળાને ફાંસી પણ અપાઈ. આવી હરકતો સભ્ય સમાજને નીચાજોણું કરાવનાર અને દેશની છબિ ખરાબ કરનાર છે. સ્પષ્ટ છે કે શુક્રવારે સડકો પર ઉતરેલા લોકોને ઉપદ્રવ કરવાનું બહાનું જોઇતું હતું. જોકે નુપૂર શર્માના નિવેદન પર દેશવ્યાપી ઉપદ્રવ કેટલાય ઇસાલમી દેશોની નારાજગી વ્યક્ત કરાયા બાદ થયો, તેથી એ શંકા બેવડાય છે કે આ સુનિયોજિત અને પ્રાયોજિત કૃત્ય હતું. જરૂરી એ જ નથી કે આવા ઉપદ્રવીઓ વિરુદ્દ્ધ સખત કાર્યવાહી કરવામાં આવે, કારણ કે આ પ્રકારની ઉન્માદભરી હિંસા કાયદાના શાસનને ખુલ્લો પડકાર છે, બલ્કે એ પણ છે કે મુસ્લિમ સમાજનું ધાર્મિક-રાજકીય સ્તરે નેતૃત્વ કરનારા એના પર વિચાર કરે કે આવા ઉપદ્રવ તેમના સમુદાયની કેવી છબિ નિર્મિત કરી રહ્યા છે. એક સવાલ એ પણ છે કે શું ધાર્મિક બાબતોમાં અપ્રિય ટિપ્પણીઓથી ફક્ત એક જ સમુદાયની લાગણીઓ દુભાય છે? આ સવાલ એટલા માટે, કારણ કે એ કોઈથી છૂપું નથી કે જ્ઞાનવાપી પરિસરમાં સર્વેક્ષણ બાદ શિવલિંગ માટે કેવી હલકી અને અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી. તેમ છતાં હિંદુ સમુદાય તરફથી ઉપદ્રવી પ્રદર્શનો નથી થયાં. જોકે, દેશનાં મોટાભાગનાં શહેરોમાં પોલીસે સતર્કતા રાખીને વિવાદ ટાળી દીધો છે. જ્યારે સમાજમાં અશાંતિ ફેલાય છે ત્યારે ગરીબ, લાચાર લોકોને જે જમીની સ્તર પર ઘણી તકલીફ થાય છે, તેનો આપણે ખ્યાલ રાખવો જોઇએ. મોંઘવારીના આ દોરમાં આપણે આપણી મુસીબત ન વધારીએ એમાં જ સમગ્ર સમાજની સફળતા છે.***

# ટિકિટ વાંચ્છુઓને મલ્ટિપ્લેક્સ કે પ્લેટફોર્મ ટિકિટ આપી દો તેવી અમારી વણમાંગ્યે સલાહ છે!!

ઓહો!ઓહો! વાહ! અનિવર્ચનીય! વાહ! અદ્ભૂત! માઇન્ડ બ્લોઇંગ! ફેન્ટીસ્ટિક! ન ભૂતો ન ભવિષ્યતિ !!

વાહ શું નયનરમ્ય દ્રશ્ય. ઉનાળામાં શીતળતા અર્પે એવા બરફીલા દ્રશ્યો. આંખમાં તીવ્ર બળતરા થતી હોય અને આંખમા જીવદયા નેત્રપ્રભા ટીપા આંજ્યા હોય અને શીતળતાનુભૂતિ થાય તેવી દ્રશ્યાવલિ. સ્વાસ્થ્યવર્ધક, બલવર્ધક, સ્ફૂર્તિદાયક, ઉત્સાહપ્રેરક, તાકાતોતેજક!!

આ આંખ ધન્ય છે કે કાર્યક્રમોના પ્રચંડ પુરુષાર્થના ધ્યોતક સમાન દ્રશ્યો નિહાળવાની સ્વર્ણિમ તક પ્રાપ્ત થઇ!! ચર્મચક્ષુ બીડીએ તો દિવ્યચક્ષુ સન્મુખ એ દ્રશ્યો ક્રિકેટમેચની માફક રીપ્લે થાય કે સિરિયલનો એપિસોડ શરૂ થયા પહેલા આગળ શું આવેલ તે એપિસોડ રીકેપ થાય તેમ પુનઃ પ્રસારિત થાય !

ભારતની ભાતીગળ સંસ્કૃતિના મંગળા આરતી જેવી અનુભૂતિ!!અમારી છાતી(છપ્પનની નથી. સાચી સાઈઝ લખીશ તો તમે અમને ઝીરો ફિગર કહેશો તેવી ભીતિ છે.) ગજ ગજ ફૂલે છે. હવે વધારે ફૂલશે તો છાતીનું પાંજરૂં ફુગ્ગાની જેમ ધડામ દઈને ફાટી જશે!!!

એક પક્ષની મંદિર સમાન કચેરીના અનુપમ દ્રશ્યો. મન પુલકિત થઇ ગયું. પરોપકારી, સેવાભાવી સજ્જનો ટિકિટ જેવા ક્ષુલ્લક મુદાને ચ્યુંગમની જેમ લંબાવતા હતા. રાષ્ટ્રની સેવા સિવાય કાંઇ ન ખપે તેવા ભેખધારીઓ લડાઈયજ્ઞ રાજસૂય યજ્ઞ કે અશ્વમેધ યજ્ઞથી કમ ન હતો!! આ યજ્ઞમાં ગાલી-ગાળની આહુતિ!!વાતાવરણમાં માબેનની ગાળો ઝળુંબે. ફાટેલા ઝભ્ભા. ફાટેલી કફની. દ્રૌપદીના ચીરહરણ જેવી હાલત. સ્વયં દુશાસન અને સ્વયં દ્રૌપદી!!

દેશની સેવા માટેની તમન્ના ઠાંસી ઠાંસીને ભરી હોય ત્યાં કોઇ ચંબુ ભ્રષ્ટાચારનો મુદો ઉભો કરી , બળાત્કારનો મુદો ઉભો કરી, લેન્ડ ગ્રેબિંગનો મુદો ઉભો કરી,આતંકી કનેકશનનો મુદો ઉભો કરી અડચણ ઉભી કરે કે કેવી રીતે સહન થાય? ચૂંટણી ચૂંટણીની જગ્યાએ છે અને ઉજ્જ્વળ કારક્રિદી અલગ બાબત છે!!

તમે જ કહો કે તમે કોર્પોરેટર, વિધાયક, સંસદસભ્ય , મંત્રી બન્યા સિવાય નાગરિકો, પ્રજા, જનતા , જાહેર જનતા જનતા જનાર્દનની સેવા કરી શકો? પ્રસાદ, નેવૈધ્ય, પત્રામ્ પુષ્પમ વિના સેવા-મેવા વગરની કલ્પના કરી શકો? આકાશકુસુમવત ભાસે!? સેવા કરવાનો રાજમાર્ગ સતા છે. સતાસુંદરીને પામવાનો દ્રુતગતિ માર્ગ( ટપ્પો ન પડ્યો? દ્રુત ગતિ માર્ગ એટલે એકસ્પ્રેસ હાઇ વે!!) છે.ચૂંટણીમાં પ્રવેશ મેળવવા ટિકિટ અનિવાર્ય આવશ્યકતા છે!?

આ એક ઉન્માદસભર સ્થિતિ છે!! મઢુલી નાની અને બાવા વધારે છે. વૈકુંઠ નાનું અને ભગતડા વધારે હોય છે.ટિકિટવાંચ્છુંઓ ઉત્સાહમાં આવીને ટેબલ ખુરશી તોડે, નેતાના પૂતળા સળગાવે, સામેસામા સૂત્રોચ્ચાર કરે,પક્ષના ઝંડા સળગાવે,તોડફોડ, ઓફિસને તાળાબંધી કરે, ટિકિટ ફાળવનાર નેતાઓ જીવ બચાવવા પાછલા દરવાજેથી ભાગી છૂટે, ઉમેદવારની પહેલી યાદી બહાર પાડે કે હોબાળો મચી જાય. ટિકિટ ન મળતા ઉત્પાત કરે, યાદી સુધરે, કોકનું ગૂંચવાઈ જાય!!આ આંખને ગમે તેવા દ્રશ્યો પાંચ વરસે રીપીટ થાય.

હમણાં નગર-નિગમોની ચૂંટણી દરમિયાન ભારે બબાલ થઈ હતી. મધ્યપ્રદેશમાં પાટનગર ભોપાલમાં જ જૂથબંધી માટે કુખ્યાત તેવા પક્ષમાં ચૂંટણીમાં ટિકીટ માટે અંદરો-અંદર જ લાતં-લાત તથા ઘૂસ્તાબાજી થઈ હતી.

વોર્ડ પાર્ષદોની દાવેદારી દરમિયાન આ મારામારી થઈ હતી. ભોપાલમાં બનેલી આ ઘટના વખતે જિલ્લા પ્રમુખ પણ હાજર હતા. તેમણે વાત સંભાળી લેવા માટે પ્રયત્નો કર્યા હતા. દરમિયાન તો મારામારીનો વીડીયો વાયરલ થઈ ચુક્યો હતો. વાસ્તવમાં નિગમ ચૂંટણી માટે બોલાવવામાં આવેલી પક્ષની મીટીંગમાં દાવેદારોના બાયોડેટા લેવામાં આવ્યા હતા.

આ દરમિયાન ભોપાલ શહેરના વોર્ડ નંબર ૪૦, ૪૧, ૪૪, ૫૮, ૫૯, ૬૯, ૭૦ અને ૭૧ના કાર્યકર્તાઓ એકત્રિત થયા હતા. પરંતુ તેમાં સ્થાનિક તથા બહારના દાવેદારો માટે વિવાદ શરૂ થઈ ગયો. વિવાદ એટલો બધો વધી ગયો કે કાર્યકર્તાઓ વચ્ચે હાથા-પાઈ શરૂ થઈ ગઈ હતી, તેમાં લાતો અને ઘૂસ્તાઓ એક-બીજા પર વરસવા લાગ્યા હતા. પછીથી વરિષ્ટ નેતાઓ વચ્ચે પડતાં મામલો શાંત બન્યો હતો, દરમિયાન તો મારામારીનો વીડીયો વાયરલ થઈ ગયો હતો.એવું પણ કહેવાય છે કે, આ મારા-મારીમાં બૂટ-ચંપલનો પણ ઉપયોગ થયો હતો.

અમારી પરમકૃપાળું પરમાત્માને પ્રાર્થના છે કે આવા મોહક, સંમોહક, પીડાનાશક દ્રશ્યોનો કદાપિ દુષ્કાળ ન પડે!! દરેક ચૂંટણીમાં ટિકિટ માટેની બબાલમાં દરેક ટિકિટ વાંચ્છુઓને મલ્ટિપ્લેક્સ કે પ્લેટફોર્મ ટિકિટ આપી દો તેવી અમારી વણમાંગ્યે સલાહ છે!!

ભરત વૈષ્ણવ

પરમાણુ છે?

ગામધણી પાસે ગણીને ગામ બાણુ છે,

અરે ભાઈ,કફનીના ગજવામાં કાણું છે.

લૂંટાય તેટલું લૂંટી લેજો,ફરી તક ન મળે,

અરે ભાઈ,આરાધનાનું ભજન ભાણુ છે.

તમામ કર્મોનો બદલો કે સજા મળે છે,

ચિત્રાગુપ્તના હિસાબકિતાબનું થાણું છે.

રોજે રોજ ગમતાનો ગુલાલ કરી લઈએ,

કાલની કોને ખબર? આજનું લાણું છે.

શ્રી હરિના ચરણ શરણમાં તરણ કરીએ,

બાકી તર્ક,નરક,મોહમાયાનું તરભાણું

એમને ચાખડી પહેરાવવાનો મનોરથ છે,

અરે ભાઈ,એમના પગનું કયાં પરમાણુ છે?

ભરત વૈષ્ણવ

# નુપુર શર્માની મુશ્કેલી વધી, બંગાળમાં કેસ નોંધાયો

કોલકતા,તા.૧૨

દેશભરમાં પયગંબર મોહમ્મદ પરની ટિપ્પણીનો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. દરમિયાન, પયગંબર મોહમ્મદ વિવાદમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્માની મુશ્કેલીઓ ધીમે ધીમે વધી રહી છે. નુપુર શર્મા વિરુદ્ધ પયગંબર વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ફ્રૈંઇ નોંધવામાં આવી છે. પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં ટીએમસી લઘુમતી સેલ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં નુપુર શર્મા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે આઈપીસીની કલમ ૧૫૩, કલમ ૫૦૪, કલમ ૫૦૫(૨), કલમ ૫૦૬ હેઠળ કેસ નોંધ્યો છે. નૂપુર શર્મા વિરુદ્ધ આ પહેલા પણ ઘણા કેસ નોંધાયેલા છે.

પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં પયગંબર વિવાદમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્મા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. નુપુર શર્મા વિરુદ્ધ આ ફરિયાદ પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં MC લઘુમતી સેલ દ્વારા દાખલ કરવામાં આવી છે. આ પહેલા, મુંબઈ પોલીસે નૂપુર શર્માને પયગંબર મોહમ્મદ વિશેની વિવાદાસ્પદ ટિપ્પણી માટે બીજી વખત સમન્સ જારી કર્યું હતું. મુંબઈ પોલીસે નુપુર શર્માને ૨૫ જૂને તેનું નિવેદન નોંધવા માટે સમન્સ પાઠવ્યું છે. ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્મા વિરુદ્ધ મુંબઈ, થાણે અને પાયધોનીમાં પણ કેસ નોંધાયેલા છે. મુંબ્રા પોલીસે નુપુર શર્માને સમન્સ પાઠવ્યું છે. પોલીસે નુપુરને ૨૨ જૂને હાજર થવા માટે કહ્યું છે. નુપુર શર્મા વિરુદ્ધ પાયધોનીમાં FIR નોંધવામાં આવી છે. રઝા એકેડેમી દ્વારા તેમની સામે આ કેસ નોંધવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય સ્તરે સમાજવાદી પાર્ટીનું વજન ઘટ્યું !

# રાજ્યસભાથી લઈને વિધાન પરિષદ સુધી તેની સત્તામાં ઘટાડો થયો છે.

લખનૌ,તા.૧૨

રાષ્ટ્રીય સ્તરે સપા નો દરજ્જો ઘટ્યો છે. વિધાનસભામાં સભ્યોની સંખ્યા વધી છે, પરંતુ રાજ્યસભાથી લઈને વિધાન પરિષદ સુધી તેની સત્તામાં ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં રાજ્યસભાની સમિતિમાંથી બહાર થવાનો ખતરો છે તો વિધાન પરિષદમાં વિપક્ષના નેતાનું પદ પણ ગુમાવવું પડી શકે છે. તેનાથી રાષ્ટ્રીય રાજનીતિમાં પાર્ટી સામે પડકારો વધશે. આ સંદર્ભમાં પણ આઝમગઢ અને રામપુર લોકસભા પેટાચૂંટણી મહત્વપૂર્ણ છે.


વિધાનસભા ચૂંટણીમાં સપાના ધારાસભ્યોની સંખ્યા ૪૭ થી વધીને ૧૧૧ થઈ ગઈ છે. જો સાથી પક્ષોને ઉમેરવામાં આવે તો આ સંખ્યા વધીને ૧૨૫ થઈ ગઈ છે, પરંતુ વિધાન પરિષદમાં પક્ષની સ્થિતિ સતત નબળી પડી રહી છે. સત્તામંડળની ચૂંટણીમાં ૩૩ બેઠકો ગુમાવ્યા બાદ સપા પાસે ૧૭ સ્ન્ઝ બાકી હતા. ૨૬ મે સુધીમાં ૭ સભ્યોની મુદત પૂરી થઈ ગઈ. તે જ સમયે, અન્ય ૭ સભ્યોની મુદત ૬ જુલાઈએ સમાપ્ત થશે.

આવી સ્થિતિમાં જો નવા પસંદ કરાયેલા ચાર સભ્યો ઉમેરવામાં આવે તો ૬ જુલાઈ પછી કુલ સંખ્યા નવ થઈ જશે. નિયમો અનુસાર, વિધાન પરિષદમાં વિપક્ષના નેતાનું પદ જાળવી રાખવા માટે ૧૦ સ્ન્ઝ જરૂરી છે. હાલમાં લાલ બિહારી યાદવ વિપક્ષના નેતા પદ પર છે. આવી સ્થિતિમાં રાજ્યના રાજકારણમાં વિપક્ષના નેતાનું પદ ચર્ચામાં છે.

રાજ્યસભામાં સપાના પાંચ સભ્યો છે. તેમાંથી ત્રણની મુદત જુલાઈમાં પૂરી થઈ રહી છે. તેમની જગ્યાએ પાર્ટીએ ત્રણ નવા સભ્યોને રાજ્યસભામાં મોકલ્યા છે, પરંતુ તેના ખાતામાં માત્ર એક સભ્યનું નામ ઉમેરાશે. કારણ કે કપિલ સિબ્બલ સ્વતંત્ર સભ્ય છે, જયંત ચૌધરી રાષ્ટ્રીય લોકદળના છે. આવી સ્થિતિમાં રાજ્યસભામાં પ્રો. રામ ગોપાલ યાદવ, જયા બચ્ચન અને જાવેદ અલી સપાનું પ્રતિનિધિત્વ કરશે.

જાણકારોનું કહેવું છે કે લગભગ અઢી દાયકા બાદ રાજ્યસભામાં સપા એટલી નબળી પડી છે. એ જ રીતે લોકસભામાં સપાના આશ્રયદાતા મુલાયમ સિંહ યાદવ, શફીકુર રહેમાન અને ડૉ.એસ.ટી. હસન સભ્ય છે. હાલમાં લોકસભા અને રાજ્યસભામાં માત્ર છ સભ્યો છે. આવી સ્થિતિમાં એવી પણ ચર્ચા છે કે પાર્ટીની માન્યતા પર સંકટ આવી શકે છે. આ સંદર્ભમાં રામપુર અને આઝમગઢ લોકસભા પેટાચૂંટણી મહત્વપૂર્ણ છે. બીજી તરફ રાષ્ટ્રીય મહામંત્રી પ્રો. રામગોપાલ રાજયસભાની આરોગ્ય અને પરિવાર કલ્યાણ સમિતિના અધ્યક્ષ છે. કમિટીને અલગ ઓફિસ અને સ્ટાફ મળ્યો છે. રાજ્યસભામાં સભ્યોની સંખ્યા પાંચથી ઓછી છે ત્યારે સ્પીકરના પદ પર સંકટના વાદળો છે. રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ આ પદ છીનવી શકાય છે. કારણ કે સપા કરતા વધુ સભ્યો ધરાવતી પાર્ટી પ્રમુખ પદ પર દાવો કરશે. આ અંગે વરિષ્ઠ પત્રકાર અરવિંદ કુમાર સિંહ કહે છે કે રાષ્ટ્રીય સ્તરે સ્થિતિ જાળવી રાખવા માટે સપાને રાજ્યસભા અને લોકસભામાં સભ્યોની સંખ્યા વધારવી પડશે.

# એક પ્રભુ પરમાત્માને જાણો માનો અને એક બનો નેક બનો.



સંત નિરંકારી મિશન મુંબઈના વિદ્વાન મહાત્મા સંત પ.પૂ.પ્રકાશ જોષીજીની અધ્યક્ષતામાં હાલોલ ખાતે આધ્યાત્મિક સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ગોધરા,દાહોદ,વડોદરાના મહા.ના કર્ણપ્રિય ભજનથી થઇ હતી.સંતોએ તમામ જીજ્ઞાસુઓને સચેત કરતાં કહ્યું કે સાચા ગુરૂના ચરણોમાં આવો અને આત્મજ્ઞાનથી આલોક પરલોક સુખી કરો.જે સદગુરૂના ચરણોમાં આવે તેને પલમાં પ્રભુ દર્શન કરાવે છે.દાહોદના જ્યોતિજીએ માનવમાત્રને સચેત કરતાં કહ્યું કે મોહરૂપી રાત્રિમાં સૌ સૂઇ રહ્યા છે આવો ઈશ્વરને જાણી શકાય છે.જરૂર છે જે ઈશ્વરને જાણે છે તેવા સંતનો સંગ કરવાની. પોતાના પ્રવચનમાં શ્રી વિનોદભાઇ માછીએ કહ્યું હતું કે મનુષ્યને સંગનો દોષ લાગે છે.પ્રથમ ભક્તિ સત્સંગ કહ્યું છે.કોઇ સંતની સાથે સાત ડગલા ચાલીશું તો તે આપણા હિતનો વિચાર કરશે.ગધેડા સાથે રોજ ગાયને બાંધો તો ગાય ભૂંકવાનું ના શિખે પણ લાત મારતા તો શિખે જ છે.આજનો માનવ પ્રભુની રચના સૃષ્ટિના ભૌતિક પદાર્થો સાથે પ્રિતિ કરે છે પરંતુ સમગ્ર જગત બનાવીને પોતે અદ્દૃશ્ય થયો છે તે રચયિતા હરી પરમાત્મા નિર્ગુણ નિરાકાર અવ્યક્ત અને સર્વવ્યાપક છે તેને જાણવાનો પ્રયાસ કરતો નથી.

વડોદરાથી અતિથિ વિશેષ પધારેલ મહા.સુંદરજીતજીએ આર્શિવાદ આપતાં કહ્યું હતું કે સંત અને ગુરૂદર્શનનું ફળ ઉત્તમ છે મનને અતિ પવિત્ર કરે છે,મનના મેલને દૂર કરે છે.નવયુવાન મોહિતજી તથા દિકરી નિશાએ સુંદર ભજન દ્વારા આર્શિવાદ લીધો હતો.મુંબઈથી પધારેલ વિવેકજીએ વરદાન માંગ્યું કે હે દીનદયાલ પ્રભુ..ભક્તિનું દાન મળે આપણા ચરણકમલનું ધ્યાન બનેલું રહે,આપની માયા અમોને મોહિત ના કરે.આખી દુનિયા વૈર વિરોધના લીધે દુઃખી છે આપની અમીદ્રષ્ટિથી જગતનું કલ્યાણ કરો.

ગોધરાના સંયોજીકા પૂ.વિદ્યાબહેને કહ્યું કે પ્રભુ આપણી અંગસંગ વસે છે,આપણો તેમનામાં જ વાસ છે,આપણે તમામ કર્મો તેમનામાં રહીને જ કરવાના છે,શ્વાસે શ્વાસે પ્રભુનું સુમિરણ કરવાનું છે,પ્રતિક્ષણ પ્રભુ આંખોની આગળ છે તેના દર્શન કરવાના છે,સદગુરૂનો આભાર માનવાનો કે અમોને આ સત્ય વાત સમજાવી છે,પ્રભુ સાથે મિલન કરાવી યમયાતનાઓમાંથી અમોને બચાવ્યા છે. ઝોનલ ઇન્ચાર્જ મહા.એ આર્શિવાદ પ્રદાન કરતાં કહ્યું કે સંત નિરંકારી મિશન કોઇ અલગ ધર્મ કે સંપ્રદાય નથી પરંતુ એક આધ્યાત્મિક વિચારધારા છે,અમે જે પ્રભુની ઉપાસના કરીએ છીએ,પૂજા કરીએ છીએ તે જ પ્રભુનાં દર્શન કરાવી રહ્યું છે.સંતો માનવમાત્રને સુખી કરવા આવે છે.કાર્યક્રમના આયોજક હાલોલના પૂ.સતિષજીએ આવેલ તમામ સંતો મહાપુરૂષોનું ફુલહાર અને શાલ ઓઢાળી સ્વાગત કરતાં કહ્યું કે નાના હતા ત્યારે સાંભળેલું કે મને કહોને કે પરમેશ્વર કેવા હશે અને ક્યાં રહેતા હશે અને શું કરતા હતા? ભક્તિ કેવી રીતે કરવી? આનો જવાબ સંત નિરંકારી મિશનના સદગુરૂના શ્રીચરણોમાં સમર્પિત થયા ત્યારે સમજાયું કે પ્રભુ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કર્યા બાદ સાચી ભક્તિની શરૂઆત થાય છે.મુંબઈથી પધારેલ ગીતકાર પૂ.યોગેશજીએ કર્ણપ્રિય સુંદર આધ્યાત્મિક ભક્તિરચનાથી આર્શિવાદ મેળવ્યો હતો.

વ્યાસપીઠ ઉપરથી પોતાના પ્રવચનમાં પ.પૂ.પ્રકાશ જોષીજીએ તમામ માટે શુભકામના વ્યક્ત કરતાં કહ્યું હતું કે ઉઠો જાગો અને દેવદુર્લભ મનુષ્યજીવનનો ઉદેશ્ય મુક્તિ(મોક્ષ) મેળવવા તત્વદર્શી સંતની શરણાગતિ સ્વીકારી એક પ્રભુ પરમાત્માને જાણો,માનો અને એક બનો નેક બનો.સંતના સંગમાં બેસી તેમના મુખારવિંદથી આવેલ સતવચનોને પ્રેમથી રસપુર્વક સાંભળી જીવનમાં કર્મમાં લાવીએ.પ્રભુનું જ્ઞાન અમોને આવાગમનના ચક્કરથી બચાવી મોક્ષ પ્રદાન કરે છે.

સમગ્ર કાર્યક્રમનું મંચ-સંચાલન દાહોદના શ્રી રાજુભાઇ આંગણેએ કર્યું હતું.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ક્રૂડના ભાવ ૧૨૧ ડોલરને થયા પાર, પેટ્રોલ ને ડીઝલના ભાવ વધે તેવી શક્યતા

,નવીદિલ્હી,તા.૧૨

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ વધીને ૧૨૧.૨૮ ડાલરની સપાટીને આંબી ગયા હોવાથી હવે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારો કરવા સિવાય કોઈ જ ચારો રહ્યો નથી, તેથી આગામી બેથી ત્રણ મહિનામાં સરકારે એક્સાઈઝ ઘટાડીને આપેલો એડવાન્ટેજ ધોવાઈ જવાની શક્યતા છે. ભારતની કડ ઓઈલની રિક્વાયરમેન્ટમાંથી ૮૫ ટકા રિક્વાયરમેન્ટ આયાતી કડથી સંતોષવામાં આવે છે, તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં આવતા ભાવ વધારાની અસરનો તેણે ભોગ બનવું જ પડે છે. અત્યારે ભારતના જુદાં જુદાં શહેરોમાં પેટ્રોલ લિટરદીઠ રૂ. ૯૭ની આસપાસ અને ડીઝલ લિટરદીઠ રૂ. ૯૦ની આસપાસના ભાવે વેચાઈ રહ્યું છે. પેટ્રોલના ભાવ બહુ જ ટૂંકા ગાળામાં રૂ. ૧૦૦ની ઉપર પહોંચી જવાની સંભાવના છે. ડીઝલના ભાવ પણ રૂ. ૧૦૦ની નજીક પહોંચી જવાની ધારણા છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતા તેના પરની એક્સાઈઝની સરકારની આવક ઘટી હતી.હવે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા માંડતા સરકારની એક્સાઈઝની આવકમાં પણ ફરી વધારો થવા માંડશે. ભારતનું ૨૦૨૨-૨૩ના વર્ષનું બજેટ કડના આંતરરાષ્ટ્રીય બજાર ભાવ ૭૫થી ૮૦ ડાલરની આસપાસ રહેશે તેવી ગણતરીથી તૈયાર કરવામાં આવ્યું છે તેથી બજેટના ગણિતો પણ ઉંધા પડવાની સંભાવના છે. બજેટમાં આંતરરાષ્ટ્રીય બજારના કડના મૂકવામાં આવેલા અંદાજ કરતાં અત્યાર બજારમાં કડના ભાવ ૫૦થી ૫૫ ટકા ઊંચા છે. તેથી વિદેશી હૂંડિયામણનો મોટો ખર્ચ કડની આયાત પાછળ જ ખર્ચાઈ જવાની સંભાવના છે. અત્યારે ક્રૂડની આયાત પાછળ અંદાજે રૂ. ૮.૫થી ૯.૫ લાખ કરોડનું વિદેશી હૂંડિયામણ વપરાય છે. પરિણામે નિકાસ કરતાં આયાત વચ્ચેનો ગાળો બહુ જ વધી જવાની શક્યતા રહેલી છે. તેમ જ ફોરેક્સ રિઝર્વ પર પણ તેની મોટી અસર આવવાની સંભાવના છે. ૧૯૯૧માં ફોરેક્સ રિઝર્વ તળિયે આવી જતાં ભારતે તેની પાસેનું સોનું વેચવા માટે વિદેશ મોકલવાની ફરજ પડી હતી.

પેટ્રોલ અને ડીઝલના ભાવનું બાંધણું સરકારે ઘણાં સમય પહેલાથી ઊઠાવી લીધું છે. માર્કેટની સ્થિતિ પ્રમાણે તેના ભાવમાં વધઘટ થયા કરે તેવી નીતિને ભારત સરકારે અપનાવી છે. પરંતુ ભારત સરકારે લિટરદીઠ એક્સાઈઝમાં રૂ. ૮નો ઘટાડો કર્યો તે પછી એટલે કે ૬ એપ્રિલ ૨૦૨૨થી ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવાનું બં કરી દીધું હતું. આંતરરાષ્ટ્રીય બજારમા કડના ભાવ વધતા હોવા છતાંય તેમણે ભાવ વધારવાનું ટાળ્યું હતું. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર અત્યારે લિટરીદીઠ રૂ. ૧૮થી ૨૧ની નુકસાની ખમવાની આવી રહી છે.

ભારતની પેટ્રોલિયમ સેક્ટરની સરકારી કંપનીઓ ઇન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે તેમના આંતરરાષ્ટ્રીય સ્તરના કડના સપ્લાયર્સ સાથે છ મહિનાના સપ્લાયના સોદા કરવાનું જાન્યુઆરી ૨૦૨૨થી ચાલુ કરી દીધું છે. જૂન ૨૦૨૨ પછી ફરીથી નવા ભાવ સાથે સપ્લાય આપવાનો સોદો કરશે. રશિયા તેના આંતરરાષ્ટ્રીય બાયર્સને કડ આપે છે તેનાથી વધારાનો સપ્લાય ભારતને આપી શકે તેમ ન હોવાના નિર્દેશ અત્યારે મળી રહ્યા છે. ગોલ્ડમેન સેચ્સ નામની આંતરરાષ્ટ્રીય માર્કેટની એનાલિસિસ કરતી કંપનીના અંદાજ મુજબ જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં આંતરરાષ્ટ્રીય બજારમાં કડના ભાવ બેરલદીઠ ૧૪૦ ડાલરની આસપાસ રહેવાનો અંદાજ છે. એપ્રિલ મહિનામાં ભારતને કડનો સપ્લાય સરેરાશ ૧૦૨.૯૭ ડાલરના ભાવે મળ્યો છે. ૧૦મી જૂન સુધીના કડના સપ્લાયની એવરેજ પ્રાઈસ કાઢવામાં આવે તો બેરલદીઠ સરેરાશ ૧૧૮.૩૪ના ભાવથી ભારતને કડનો સપ્લાય મળ્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ કડનો જુલાઈ વાયદાનો ભાવ અત્યારે ૧૨૨.૭૨ ડાલર બોલાઈ રહ્યો છે. આ અગાઉ પણ ગોલ્ડમેન સેચ્સે જુલાઈ સપ્ટેમ્બર મહિનામાં બેરલદીઠ ૧૪૦ ડાલરની સપાટીને આંબી જશે તેવી આગાહી કરી જ હતી. ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૨ના ગાળામાં આંતરરાષ્ટ્રીય બજારમાં કડના બેરલદીઠ સરેરાશ ભાવ ૧૩૦ ડાલર રહેવાની આગાહી પણ કરેલી જ છે. આ સંજોગમાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવા સિવાય કોઈ જ છૂટકો નથી. ભારત સરકારની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ વર્તમાન સંજોગોમાં વધુ ખોટનો બોજો સહન કરી શકે તેમ જ નથી. પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા ભારતમાં મોંઘવારી વધશે. તેમ જ ફુગાવાનો દર પણ ઉપર જશે. ૭.૮ ટકાની સપાટીએ પહોંચી ગયેલા ફુગાવાના દરને અંકુશમાં રાખવા માટે રિઝર્વ બેંક અને ભારત સરકાર સતત સંઘર્ષ કરી રહી છે ત્યારે કડના વધી રહેલા ભાવ તેમના ગણિતો અને આયોજનોને ખોરવી નાખે તેવી સંપૂર્ણ સંભાવના છે.

CYMK

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO:004

વિષયઃ અંતરમનની આશ

પ્રકારઃગધ

શબ્દઃ૨૬૫

શીર્ષકઃજાગૃતિ

જીવનને માનવી કેવી રીતે લે છે એ તો એના અંતરમનની આશને ખબર. આજ કાલ માનવી વિશ્વ સાથે જોડાયેલો છે એટલે કે તેનામાં જાગૃતિ આવેલ છે.

આ જાગૃતિ એટલે શું? સારું પહેરવું ઓઢવું, ખાવું પીવું, સભ્યતા ને સંસ્કૃતિની સુફિયાણી વાતો કરવી, અંગ્રેજી બોલી બોલવી ,દોડતી દુનિયાને દોડતા પકડવું.

હા, મિત્રો આ બધું તેને ગાંડો બનાવી દે છે કારણ તેના અંતરમનમાં અનેક આશ બાંધી બેઠો છે. તે પૂર્ણ કરવા તે દોડતો જ રહે છે. તેમાં જોડાય છે બાહ્યઆડંબર જેને પોષવા તે ખરા સચોટ વિચારો કરવા કરતા બીજા સાથે હરિફાઈ કરતો થઈ જાય છે.

નાનપણથી તે આશાઓના પડીકાં બાંધી સમાજ સાથે ચાલતો જીવતો ઝઝૂમતો રહે છે.પાડોશીથી લઈ બીજાં બધાં જે સીધા કે આડકતરી રીતે તેની સાથે જોડાયેલા હોય છે તેને તે મનોમન પોતાનો સ્પર્ધક માને છે ને તેથી તે મૂંઝાયેલો રહે છે. તે મૂંઝવણનો કોયડો નથી મળતો તેથી અંતરમનથી નિરાશ થાય છે.અહીં તેને ખરેખર અંતરમનથી જાગૃત થઈ એવી આશની કેડી પર ચાલતા શીખવાની જરૂર છે જ્યાં ઈર્ષા, ક્રોધ કે સ્પર્ધા નહિ પણ અલ્પમાં ઘણુંની જાગૃતિની જરૂર આશ રહે.

એ મળે તો માનવી ખરેખર તે જગત સાથે જોડાયેલો રહી શકે.

મારાં અંતરમનની આશ છે કે હું એટલું ને એવું કાર્ય કરું કે મારે લીધે કોઈને ઠેસ કે દુઃખ ન પહોંચે પણ ક્યારેક તે મારી ગેરહાજરી અનુભવે ને તે વખતે હું અંતરથી તેની જાગૃતિનું કારણ બનું.સારા વિચારો અર્પું ને તેમાંથી સારી ભાવનામય વિશ્વની ડોર બની ઈશ્વર સાથે જોડાઉં જે જાગૃતિનાં માર્ગે ચાલવાનું શીખવે.

અંતર મન
ઝૂલે આશાએ
માનવ ને તરણું,
લાગે સહારો
જાગૃતિ પંથે.
જીવવું નિત્ય
નવીન આશે
પૂરવા કોડ ચિત્તે,
તમસ ભાગે
જાગૃતિ પંથે.
જ્યોત પૂંજ
જોડાઈ મને
પ્રકાશ તેજોમય,
મળે વિશ્વને
જાગૃતિ પંથે.

અસ્તુ

જયશ્રી પટેલ

---

N.O.G.SS.N0-.0026

વિષય - અંતરમનની આશા.

વિભાગ - પધ ( ગઝલ)

લગાગાગા ૪ - હજઝ છંદ.

શીર્ષક - માનો તો!

કરી છે કેદ ના જાણે હજારો આશ માનો તો.
રહી જાશે ,ઘણી બાકી અધૂરી પ્યાસ માનો તો.
રચાતાં જે ફરીથી એ બધાં સૌ તોડતાં જાતાં,
યુગોથી રોજ વિસ્તરતાં નવાં ઈતિહાસ માનો તો!
હૃદય ધબકે ને ધડકન ના સૂરોમાં નામ બસ તારું,
અજાણ્યો થઈ ફરે લે ને તું મારા શ્વાસ માનો તો!
રહી બસ એક આ અંતરની આશા મન મહીં તોયે,
કદાચિત આપનો પામું જરા સહવાસ માનો તો!
તમારો સાથ પામીને બન્યું છે ધન્ય આ જીવન,
થયું પાવન જગતથી જીવવું લ્યો, ખાસ માનો તો!

અંજના ગાંધી " મૌનુ".વડોદરા

---

NOG.SS No : 0099

વિષયઃ અંતરમનની આશા.

પ્રકારઃ પધ

શીર્ષકઃ આશ છે

થનગનતી યુવાનીને પ્રણયની,
બેકાબૂ ઈન્દ્રિયો પર વિજયની આશ છે.
અબ્ધિના મોજાને કિનારાની,
અમાસના અંધારાને તારાની આશ છે.
વટેમાર્ગુઓને તરુનાં છાયાની,
સુંદરીઓને કમનીય કાયાની આશ છે.
જરઠોને જીવવા જિંદગીની,
મૃત્યુને મહેકાવવા બંદગીની આશ છે.
સરિતાને ઉત્કંઠા મળવાની,
સાગરમાં જઈને ભળવાની આશ છે.

ભાવનાબેન મિસ્ત્રી "અભય". (વલસાડ)

---

NOG SS No.73

વિષય અંતરમનની આશા.

પ્રકાર.ગધ,

શીર્ષક.અંતરમનની ઈચ્છાઓ

અંતરમનની આશા એટલે માણસે દબાવી રાખેલી ઇચ્છાઓ, મનુષ્ય જીવનમાં કંઈક કેટલીય આશાઓ ને અંતરમનમાં ભરીને જીવે છે,એમાંથી જો કોઈ પુરી થાય તો એ પોતાને ખુશ નસીબ સમજે છે, પરંતુ મનુષ્ય એ જાણતોજ નથી કે ઈચ્છાઓ ને પુરી કરવી એજ જીવન નથી,જીવનતો જે મળ્યું છે એમાં આનંદ લેવાનું છે,વર્તમાનમાં જીવવાનું છે,આજનો માણસ જો પોતાની રીતે જીવતા શીખીજાય એજ એના અંતરમનની મોટી ઈચ્છા છે,

વ્યક્તિ પોતાની રીતે પોતાના મન પ્રમાણે જીવીના શકે એવી અંતર મનની આશાઓ શુ કામની જે ક્યારેય પૂર્ણ ના થાય..

નયના પટેલ .વડોદરા.

---

NOG SS NO - 0050

વિષય - અંતરમનની આશા

વિભાગ - પધ મૌલિક

શીર્ષક - મનની આશા.

હૃદય મને ખોલવું તુંજ સંગ..! ને વેણને રહેવું ચૂપ આતો ..!
વહેણના ઝીલનાર તે સાગર મન જેવાં..!
ને કહું અંતરમનની આશા ..!જ્યાં સ્પર્શે શબ્દ અંતરમનમાં..!
જીવન આપણું મંથન, જીવન એટલે મહામંથન..!
મંથન એટલે ધ્યેય, જીવનનું સત્ય એટલે મને થયું એક જ લક્ષ્ય મંથન એક જ લક્ષ્ય માત્ર..!
મુંજ અંતરમનની વાત કહેવી છે..!
જો હોય તો કૃપા મંગલમયી તો એક આશા અનોખી...! રંગ મહેલના સિતારાઓ જરા આ બાજુ જોવોને..!
કાદવમાં કમળ ઊગે તે કમળ અજાણ નથી...!
પણ પાંદડાં પર ફૂટતી વાણી આજ..!
બની મારી અંતરમનની વાણી કેવી..?
પ્રેમની કિંમત માત્ર ગુલાબના ફૂલને જ ખબર છે..!
લાંબી મંજિલ કાપી પડે..!
જ્યાં જ્યાં નજર કરું ત્યાં ખીલે વસંત..!
ને ખીલી ઊઠે વસંત કેવી..?
શું લઈને આવ્યાં ને શું લઈ જવાનાં..?
સમયે કામ ના આવે એ શું કામનાં..?
શબ્દો છે શ્વાસ મારાં એક એક..!
મારે મન તો અઠે દ્વારકા..! ચાતકની પ્યાસ ક્ષણક્ષણ કંઠે રહેવાની..!
ખાટું-મીઠું તો આપણે નક્કી કરવાનું..!
ઈચ્છા એ ઈચ્છા શીદને ફળતી નથી..?
આભ મહીં ઉડનારુ પંખી છું..!
અંતરમનની આશને ઉડવા દો..!
પિંજરમાં ના કરતાં કેદ કદી..? તાણાવાણાને ગળથૂથીમાં ગૂંથ્યા..!
તેને તોડીને અંતરમનની આશાઓને માં...!
વિહરવા દેજો મુક્ત ગગનમાં..!

રાગીની શુક્લ" રાગ".મુંબઈ

NOGSS NO- 0088

વિષય- આંતરમનની આશા

પ્રકાર- પધ

શીર્ષક- ફળાઉ આશા

નામ- ડો. મનીષા વ્યાસ

ઊગું છું હું ફળ થઈ ક્યાંક કોઈક ફળાઉ વૃક્ષે..
બીજ થઈ રોપાઉં ઉગવાને પાછું કોઈક સ્થળે..
પડું વિમાસણમાં ભારે શું અસ્તિત્વ છે મારુ?
છું ઝાડ? પુષ્પ? ફળ કે બીજ લાગે મને અકારું..
ઊગું તો ઝાડ, મહેકું તો પુષ્પ ને પાછું ફળ માટે ફળું..
છુપાયું અંદર બીજમાં બીજ જો ઊગું તો તરું..
વાવે કોઈ, ઉછેરે કોઈ ને પેટ ભરું પારકાં..
ઉરની ઉષ્મા દઈ દઈ સેવું ઘરને ખોરડાં..
જગ જણનારી જન્મી પારકાં કરું પોતાનાં..
મનમાં રહું પીડાતી કેમ કહેવાઉં પારકી જણી?
અંતરમાં આશાઓ સેવું ઘર મધ્યે રહું માનીતી..
ઘર વચાળ મીંચાય આંખ જાઉં ધરણીમાં ભળી..

ડો. મનીષા વ્યાસ અમદાવાદ

---

NOG SS.No 0098

પ્રકાર;- ગધ

વિષયઃ- અંતરમન ની આશા

શીર્ષકઃ- ફલીભૂત આશા

મિત્રો, મારી અંતરમન ની આશા આપ સમક્ષ રાખું છું. મારું સંયુક્ત પરિવાર છે.પહેલા અમે ભાણા ના મકાન માં રહેતા હતા. પરિસ્થિતિ પ્રમાણે પોતાનું ઘર બનાવ્યું.ગૃહ પ્રવેશ કર્યો ને ઘર માં રહેવા લાગ્યા.મારા ઘરે જે મહેમાન,સગા સંબંધી આવે તે ઘર જોઈને ખુશી જાહેર કરતાં હતાં ને સાથે સાથે જે વાસ્તુ શાસ્ત્ર ના જાણકારી રાખતા તે પોતાની રાય પણ આપતા.હુ વાસ્તુ શાસ્ત્ર માં વિશ્વાસ રાખો છું પણ મારા ઘર ના અન્ય સભ્યો નથી માનતા. વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે રસોઈ અને શયનખંડ ગલત દિશા માં હતો.જીવન ની ગાડી ચાલતી હતી.ઘણા ઉતાર ચઢાવ જોયા. પણ અંતરમન માં આશા હતી કે વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે ઘરમાં ફેરફાર થશે. મૈં ઘણી વખત પતિ દેવ ને કહ્યું પણ એ મને જુદી જુદી રીતે અને ઉદાહરણ આપીને મને સમજાવી દેતા.

મિત્રો અમુક વખતે આપણે વાસ્તુ શાસ્ત્ર, પૂજા કે કોઈ પણ શાસ્ત્ર ને નથી માનતા પણ જીવનમાં હાલાત બનાવ એવો બની જાય છે કે આપણે એને માનવુ પડે છે.

જ્યારે જ્યારે પતિ દેવ અસ્વસ્થ રહેતા ત્યારે મારા મનમાં વાસ્તુ નું ખ્યાલ વધારે વેગ મારતો.ઘણા વર્ષો નીમારી અંતરમન ની આશા ઘર માં વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે ફેરફાર કરવાની હતી તે આજે પૂર્ણ થાય છે.બહુ જ ખુશી છે.

મિત્રો એ સત્ય છે કે માનવી ની અંતરમન ની આશા એક ના એક દિવસ જરૂર પૂર્ણ થાય છે.

લીના શર્મા,હાલોલ.

## દિલ ખુશ થશે !!


નજર નીચી કરી આપ દિલનાં ઝરુખામા જોશો તો દિલ ખુશ થશે!!

ઠંડા વાયરાની એક લહેરખી આવીને જાય, પણ તારો સ્પર્શ મળશે તો દિલ ખુશ થશે !!

સૂરજનો હૂફાળો તડકો, ચંન્દ્રની ચાંદની પ્રકાશ, પણ તારા ચહેરાનું નૂર જડે તો દિલ ખુશ થશે !!

મિલનની મજા તો છે અનોખી પણ તું અને તારી મહોબ્બત મળી જાય તો દિલ ખુશ થશે !!


મળવુને અને જુદાં થવું એ તો કિસ્મતના ખેલ છે. બસ સપનામાં તું આવી જાય તો દિલ ખુશ થશે !!



વર્ષા ભટ્ટ વૃંદા (અંજાર)


## મોકલી છે

મોહબ્બત ને શબ્દોમાં ઢાળીને મોકલી છે..
અંતરની લાગણીઓ ને એમાં ઓગાળીને મોકલી છે.
આંખોમાં ઉપસી છે તસ્વીર તમારી..
મેં એ તસવીર બહુ સંભાળીને મોકલી છે..
એક પુષ્પ ખીલ્યું છે દિલ કેરી ડાળીએ..
મેં એ ડાળી માળી ને મોકલી છે..
સાવ કાચ જેવી છે લાગણીયો અમારી..
એટલે તો મેં એને જરા જાળવીને મોકલી છે.
પ્રેમ તો પ્રભુની પ્રસાદી છે મિત્રો..
એટલે તો મેં એને આંખે અડાડીને મોકલી છે.×



કાંતિભાઈ.જાદવ. (ભાવનગર)

મારી આંખમાં વરસ્યો ભરપૂર ભાદરવો,
ગાજવીજ સાથે ઉમટ્યો ભાદરવો,
આવ્યો એવો જાણે દિશાહિન વંટોળિયો,
લાવ્યો તરસ ભીની માટીની એ વીંઝણો,
લાગ્યો છેતરામણો ને લાગ્યો છે ભીતરે ,
ઊની આંચ પર એ તો ધારદાર ચીતરે,
ધોધમાર વરસીને પણ જાણે ભડકે બળે,
એવી અગનપિછોડી લઈ તાપણે ઝળે,
આવ નહીં આદર નહીં, છતાં આવીને મળે,
કેમ કરીને કેડો તું મ્હેલે હવે ???
શીદને તોફાન આવા તું કરે????
શીદને તોફાન આવા તું કરે ????




ગ્રીષ્મા પંડ્યા - અમદાવાદ (હાલ કેનેડા)

ક્ષણનું જીવન ને મરણ પણ ક્ષણ થવાનું,
ખોળિયાનું નાશ થઈ રજકણ થવાનું.
ચણ મિનારા તું ભલે શમણાં તણાં, પણ!
અંતે તો.... સઘળું પછી કણકણ થવાનું.
ને... હશે અંતિમ ઘડીના શ્વાસ તારા,
છૂટતી નાડીનું પણ બટકણ થવાનું.
વાટ પકડી છે અનંતની, ક્યાં અટકશે?
ખુદના કરમો થકી અટકણ થવાનું.
ભાન પણ ક્યાં ×નીલ× ને છેલ્લે રહેશે?
એમ.... કલમે શબ્દનું લટકણ થવાનું.



નિલમકુમાલ બુધ્ધભટ્ટી નીલ (અંજાર)

## કદર...



ના મળે કદર તો,નિરાશ ન થશો,,
કુદરત કેરો હિસાબ ચોખ્ખો હશો
માનવ-માનવ એકબીજાને હલાવતો,
સમય આવે કરેલું જ ભૂલી જાતો,
કુદરત તુંતો હરેક સમયે સહુ નો રહેતો,,
કળયુગ મા ભલામાનવરુપે હાજર આવતો,
કંઈક આશા નું કિરણ ઝગઝગતું દેખાડતો,
દર્દ પોતે પોતામાં સમાવી હસી મુખારવિંદે કરાવતો,
ઓ પ્રભુ!!!! સહુને આમજ તું સરભાવતો,,
હોયજો હાજર સદાય ત્યારે કદરદાન ની કિંમત તુ કરાવતો,,

નીલમ ત્રિવેદી ની કલમે...(અમદાવાદ)

### ‘દશમ અખિલ ભારતીય હિંદુ રાષ્ટ્ર અધિવેશન’નો ઉત્સાહી વાતાવરણમાં પ્રારંભ !

# હિંદુઓ, વર્ષ ૨૦૨૫માં હિંદુ રાષ્ટ્રની સ્થાપના થવા માટે આજથી કૃતિશીલ બનો !

## - સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળે, રાષ્ટ્રીય માર્ગદર્શક, હિંદુ જનજાગૃતિ સમિતિ



दीपप्रज्वलन करते हुए बाएं से सद्गुरु डॉ. चारुदत्त पिंगळेजी, स्वामी संयुक्तानंद महाराजजी, पू. (अधिवक्ता) हरिशंकर जैनजी, स्वामी निर्गुणानंदगिरी महाराजजी

શુક્રવારની પ્રાર્થના પછી સમગ્ર દેશમાં ધર્માંધોએ ચાલુ કરેલો હિંસાચાર જોતાં, જ્યાં સુધી સંપૂર્ણ શાસન વ્યવસ્થા હિંદુ હિતમાં થતી નથી, ત્યાં સુધી હિંદુ રાષ્ટ્ર માટે આપણે લડાઈ લડવી જ પડશે. ‘વારાણસી ખાતે પોઠિયો (નંદી) આજે પણ જ્ઞાનવ્યાપી મસ્જિદની સામે મોઢું કરીને મૂળ વિધ્વંસિત મંદિરના ભગ્નાવશેષો જોઈ રહ્યો છે ! કર્ણાટકમાં ‘પહલે હિજાબ, બાદ મે કિતાબ’ એવું અભિયાન જ વિદ્યાર્થિનીઓના માધ્યમ દ્વારા કટ્ટરતાવાદીઓએ ચાલુ કર્યું હતું. ઉચ્ચ ન?યાયાલયે તેના વિરોધમાં નિર્ણય આપ?યા પછી પણ હિજાબની માગણી કરનારા મુસલમાનોને ‘કુરાન શ્રેષ્ઠ કે દેશનું બંધારણ ?’, આ પ્રશ્ન પૂછવાનું ધાડસ દેશના એક પણ ‘સેક્યુલર’વાદીને થયું નહીં ! હિંદુઓએ ‘હિંદુ રાષ્ટ્ર’ની માગણી કરવી, અયોગ્ય કેવી રીતે છે તે અમારો નૈસર્ગિક અને બંધારણીય અધિકાર છે ! વર્તમાનમાં ભારતમાં કાર્યરત હિંદુ-વિરોધી ‘એલાયન્સ’ની પાછળ રાજકીય સ્વાર્થ છે. આ ‘અજેંડા’ હિંદુ રાષ્ટ્રની સામે સૌથી મોટું આવાહન છે ! આ હિંદુવિરોધી ‘એલાયન્સ’ને પરાભૂત કરવા માટે આપણે આગામી કાળમાં વૈચારિક અને બૌદ્ધિક સ્તર પર નિરંતર ખંડન કરવું પડશે. તે દૃષ્ટિએ સદર ‘અખિલ ભારતીય હિંદુ રાષ્ટ્ર અધિવેશન’ મહત્ત્વપૂર્ણ છે. કાળમહિમા અનુસાર વર્ષ ૨૦૨૫માં હિંદુ રાષ્ટ્ર આવવાનું જ છે, તે માટે હિંદુઓ અત?યારથી જ કૃતિશીલ થાવ, એવું આવાહન હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ?ટ્રીય માર્ગદર્શક સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેએ કર્યું. તેઓ ‘શ્રી રામનાથ દેવસ્થાન’ ફોંડા, ગોવા ખાતે ‘દશમ અખિલ ભારતીય હિંદુ રાષ્ટ્ર અધિવેશન’ના ઉદ્‌?ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા. આ અધિવેશન માટે દેશ-વિદેશમાંથી, તેમજ ભારતના વિવિધ રાજ?યોમાંથી ૨૨૫ કરતાં વધારે પ્રતિનિધિઓ ઉપસ?થિત છે.

મરાઠી અને હિંદી ભાષાઓમાંના ‘હલાલ જેહાદ ગ્રંથનું લોકાર્પણ !

આ સમયે હિંદુ જનજાગૃતિ સમિતિ પુરસ્કૃત ‘ભારતીય અર્થવ્યવસ્થા પર નવું આક્રમણ - ‘હલાલ જેહાદ ?’ આ મરાઠી અને હિંદી ભાષાઓમાંના ગ્રંથનું લોકાર્પણ વ?યાસપીઠ પર ઉપસ્થિત રહેલા ‘હિંદુ ફ્રંટ ફોર જસ્ટિસ’ના સંરક્ષક તેમજ સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ?ત્રી પૂજ્ય હરિ શંકર જૈન, ‘ભારત સેવાશ્રમ સંઘ’ના સ્વામી સંયુક્તાનંદ મહારાજ, ‘ઈંટરનેશનલ વેદાંત સોસાયટી’ના સ્વામી નિર્ગુણાનંદગીરી મહારાજ અને સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેના હસ્તે કરવામાં આવ્યું. અધિવેશનનો પ્રારંભ શંખનાદથી કરવામાં આવ્યો. ત્યાર પછી વ?યાસપીઠ પર ઉપસ્થિત માન?યવરોના શુભહસ્તે દીપપ્રજ્વલન કરવામાં આવ્યું. દીપપ્રજ્વલન પછી વેદમંત્રોનું પઠન થયું. આ પ્રસંગે સનાતન સંસ્થાના સંસ?થાપક પરાત?પર ગુરુ ડૉ. જયંત આઠવલેજીએ આપેલા સંદેશનું વાચન સનાતન સંસ?થાના ધર્મપ્રચારક સંત સદ્‌ગુરુ સત્યવાન કદમે કર્યું. ‘શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસ’ના કોષાધ?યક્ષ પ.પૂ. સ્વામી ગોવિંદગીરીજી મહારાજે ‘હિંદુ રાષ્ટ્રની સ્થાપનાનો સંકલ્પ થોડા વર્ષોમાં પૂર્ણ થશે’, એવા આપેલા આશીર્વચન ચિત્રફિતના માધ?યમ દ્વારા બતાવવામાં આવ?યા. અધિવેશનના નિમિત્તે ટ્વીટર પર #10th_Hindu_Rashtra_Adhiveshan આ હેશટેગ દ્વારા હિંદુ રાષ્ટ્રની ચર્ચા સંપૂર્ણ દેશમાં ચાલુ હોવાનું દેખાઈ આવ્યું. આ અધિવેશનનું સીધું પ્રસારણ હિંદુ જનજાગૃતિ સમિતિના સંકેતસ્થળ HinduJagruti.org દ્વારા તેમજ ‘HinduJagruti’ આ ‘યુ-ટ્યૂબ’ ચેનલ દ્વારા પણ કરવામાં આવી રહ્યું છે.

## વડોદરામાં ૨૪ કલાકમાં ૩૩ નવા કેસ નોધાયા

વડોદરા,તા.૧૨

છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં કોરોના કેસમાં વધારો નોધાઈ રહ્યો છે. જેમાં વડોદરા ખાતે ફરી એકવાર કોરોના માથું ઊંચકી રહ્યો છે. વડોદરા ખાતે કોરોના કેસમાં વધારો નોધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે.

રાજયના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર વડોદરા ખાતે છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ નવા દર્દીઓ નોધાયા છે. જ્યારે ૮ દર્દીઓ ઑક્સીજન સપોર્ટ ઉપર છે. જ્યારે જીલ્લામાં ૧૮૨ લોકોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જીલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની કુલ સંખ્યા ૧૧૧ થઈ છે. જેમાં પણ પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના સૌથી વધુ કેસ સામે આવ્યા છે. ગોત્રી, જેતલપુર, અકોટા, સમા સહિતના વિસ્તારમાં કોરોના કેસમાં મોટો ઉછાળ જોવા મળ્યો છે. રણુ, સેજાકુવા, છાણી, ઊંડેરામાં પણ કોરોનાના કેસમાં ઉછાળો આવતાં તંત્ર ચિંતિત બન્યું છે. જિલ્લાભરમાં કોરોના કેસમાં ચિંતાજનક રીતે મોટો ઉછાળ જોવા મળ્યો છે.

## અમદાવાદમાં પેટ્રોલની અછતની અફવા વચ્ચે, લોકોએ મધરાતે ઊંઘમાંથી જાગી પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવી

અમદાવાદ,તા.૧૨

ગત રાત્રિ શનિવારના રોજ અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ જીલ્લામાં પેટ્રોલની અછતની અફવા ફેલાઈ હતી. જેને લઈ અમદાવાદ સહિત અન્ય જિલ્લામાં પેટ્રોલ પંપ ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી. અફવાને પગલે લોકો મોટી સંખ્યામાં પેટ્રોલ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા. અને પેટ્રોલ પંપ ઉપર આશરે ૧ કિમી લાંબી લાઈનો જોવા મળી હતી.

ખાડી દેશ દ્વારા ભારતને ક્રૂડ આપવાની ના પાડવાની અફવા વાયુ વેગે ફેલાઈ હતી. અને જેને લઈ અમદાવાદ સહિત અન્ય જિલ્લામાં લોકો પેટ્રોલપંપ પર એક સાથે પેટ્રોલનો સ્ટોક કરાવવા માટે ધસી આવ્યા હતા. અને પરિણામ સ્વરૂપ રાત્રિના સમયે પેટ્રોલ પંપ ઉપર ૧ થી બે કિમી જેવી લાબી લાઈનના દ્રશ્યો જોવા મળ્યા હતા.

સોશિયલ મીડિયામાં પણ આગામી ચાર દિવસ સુધી પેટ્રોલ ની સપ્લાય અટકી જશે તેવા વાઈરલ મેસેજ જોવા મળ્યા હતા. જેને લઈ લોકોએ પણ પોતાના વાહનોમાં પેટ્રોલ ટેક્ક ફૂલ કરાવવા માટે વિવિધ પેટ્રોલ પંપ ઉપર દોડી ગયા હતા. અને લાંબી લાઈનો લગાવી હતી. જેમાં અમદાવાદ શહેર સહિત આસ પાસના વિવિધ જિલ્લાઓમાં પણ લાંબી લાઈનો જોવા મળી હતી. તો પેટ્રોલ પંપ ઉપર લાંબી લાઈનો થતાં આસપાસના વિસ્તારમાં ટ્રાફિક જમણા દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કે પેટ્રોલ પંપ એસોશિએશન દ્વારા આ મેસેજ અને અફવા ખોટી અને વાહિયાત હોવાનું જણાવવામાં આવ્યું હતું. અને પેટ્રોલનો પૂરતો જથ્થો હોવાનું પણ જણાવ્યુ હતું. અને આવી ખોટી અફવા અને મેસેજ તરફ ધ્યાન નહીં આપવા જણાવ્યુ હતું.

# ગાંધીનગરમાં આજે આ સમયે તમારો પડછાયો થઈ જશે 'ગાયબ'! આ ખગોળીય ઘટનાને સમજવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિશેષ આયોજન

તમારી સાથે રહેતો પડછાયો પણ ક્યારેક ગાયબ થઈ શકે છે જો એવું કહીએ તો તમને કદાચ માન્યમાં નહીં આવે. પરંતુ આ સાચુ છે. અવકાશમાં એવી એવી ખગોળીય ઘટના જોવા મળે છે જે જાણીને તમે પણ આશ્ચર્યચકિત થઈ જશો. આવી જ એક ખગોળીય ઘટના વર્ષમાં બે વાર જોવા મળે છે જેને 'ઝીરો શેડો ડે' કહેવાય છે. જેમાં અમુક પળ સુધી તમારો પડછાયો પણ તમારો સાથ છોડી દેશે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા વર્ષ દરમિયાન વિવિધ ખગોળીય ઘટનાઓ વિષે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સામાન્ય રીતે આપણને બધાને એવું લાગતું હોય છે કે સૂર્ય રોજ બપોરે આપણા માથા પરથી પસાર થાય છે. પરંતુ વાસ્તવમાં એવું નથી હોતું. સૂર્ય વર્ષમાં બે દિવસ આકાશમાં સૌથી – ઊંચા બિંદુ (zenith)પરથી પસાર થાય છે. આ બે દિવસોએ સ્થાનિક બપોરના સમયે પડછાયો ગાયબ થઈ જતો હોય છે એટલે કે શૂન્ય થઈ જતો હોય છે. દરેક જગ્યા માટે આ દિવસ અને સમય જુદા જુદા હોય છે. ગાંધીનગર માટે આ દિવસ ૧૩ જૂન ૨૦૨૨, સમય બપોરે ૧૨:૩૯ કલાકે પડછાયો શૂન્ય થવાની ઘટના નિહાળી શકાશે.

ગાંધીનગરના ખગોળ પ્રેમી વિદ્યાર્થીઓ તથા નાગરિકોને આ રસપ્રદ ઘટના વિષે વિશેષ માહિતી મળે તેમજ પડછાયો 'ગાયબ' થવાની અનુભૂતિ થાય તે માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે આવવા હાર્દિક નિમંત્રણ છે.

## શિક્ષક સમાજને દિશા આપવાનું અને ઘડતર કરવાનું કામ કરે છે, તેમ વકીલ સમાજને બચાવવાનું કામ કરે છે - શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી

# ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન કચેરી દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત "કન્વીકશન રેટ સરકારી વકીલની ભુમિકા" વિષયના પરિસંવાદને ખુલ્લો મુકતાં કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી



ગાંધીનગરઃ રવિવારઃ

શિક્ષક સમાજને દિશા આપવાનું અને ઘડતર કરવાનું કામ કરે છે, તેમ વકીલ સમાજને બચાવવાનું કામ કરે છે, તેવું આજરોજ ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીખાતે આયોજિત "કન્વીકશન રેટ સરકારી વકીલની ભુમિકા" વિષયના પરિસંવાદમાં કાયદો અને ન્યાયતંત્ર, મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું. પરિસંવાદને ખુલ્લો મુકી કાયદો –ન્યાયતંત્ર અને મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી કહ્યું હતું કે, કોર્ટમાં હમેંશા કોટ પેહરીને આવવું, ટાઇ બાંધવી જોઈએ, બટન બંધ રાખવા જોઈએ, આ બાબત તમામ વકીલમિત્રોને લાગું પડે છે. વકીલ સારો હશે, તો જજ સારા હશે, તો જ સરકારી વકીલ સારા હશે. સમાજને સારા વકીલની જરૂરિયાત છે. સારા વકીલો થકી જ સમાજને સાચા ન્યાય મળી શકશે. સાચા વ્યક્તિને ન્યાય મળશે તો જ સમાજનો વિશ્વાસ ન્યાયતંત્રમાં ટકી રેહશે.

જે વકીલનું વ્યક્તિત્વ સારું હશે, તે સારો વકીલ હશે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, વકીલે જીવનમાં સંવેદના રાખવી ખૂબ જરૂરી છે. કોર્ટમાં હાજર થનાર દરેક આરોપી આરોપી છે, તેવું વકીલે માની પણ ન લેવું જોઈએ. સરકારી વકીલ તરીકે વકીલની ભુમિકા કેવી હોવી જોઈએ, તેની ખૂબ રસપ્રદ દષ્ટાંતપૂર્વક વાત તેમણે તેમની શૈલીમાં કરી હતી.

વકીલ ન્યાય અને જ્ઞાનનો પૂજારી છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, કોઇ નિર્દોષને સજા ન થાય તેનું ધ્યાન હમેંશા વકીલે તેના જીવનભરની વકીલાત દરમ્યાન રાખવું જોઈએ. કન્વીકશન રેટ વધારવા માટે વકીલનું વાંચન હોવું જરૂરી છે. તેની સાથે સરકારી વકીલમાં હિંમત અને વાંચન હોવું ખૂબ જરૂરી છે. કોઇપણ કેસમાં વકીલે સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તેનું મનોમથંન સાથે સાથે ઉંડાણમાં જોવું જોઈએ. તેમજ કેસની નાનામાં નાની બાબત પર કોર્ટનું ધ્યાન દોરવું જોઈએ. તો જ સાચો ન્યાય સમાજને મળશે. મંત્રીશ્રીએ ન્યાય પ્રથમ તબક્કે જ મળવો જોઈએ, તેવો આગ્રહ વ્યક્ત કર્યો હતો. પ્રથમ ન્યાય વકીલ નહિ, પણ પોલીસ જ આપી શકે છે. કારણ કે પોલીસ કેસની તપાસ કરીને જે વિગત રજૂ કરે છે, તેના પર ચાર્જશીટ બનતી હોય છે.

કાયદા સચિવ શ્રી પી.એમ.રાવલે જણાવ્યું હતું કે, ન્યાયતંત્ર માટે ઉત્તમમાં ઉત્તમ આપણે શું કરી શકીશું, તે દિશામાં આગળ જવાની વાતને પ્રાધાન્ય આપવું જોઈએ.કન્વીક્શન રેટ વધારવા આપણે શું કરી શકીશું જેનું આજે આપણે મનોમંથન કરીશું, તેવું કહી સરકારી વકીલની કન્વીક્શન રેટ વધારવા માટેની શું ભુમિકા છે, તેની પણ રસપ્રદ અને વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રોસિક્યુશનના નિયામક શ્રી જગરૂપસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સરકારી વકીલો એક સાથે એક જગ્યાએ કોઈપણ કામ અર્થે ભેગા થયા હશે, આ રીતે કોઇ વિષય પર અભ્યાસ કે મનોમંથન કરવા ભેગા થયા હોય તે કદાચ આ પ્રથમ ઘટના હશે. કન્વીશન રેટમાં વધારો થાય તો ક્રાઇમ રેટ ઘટશે. તેમજ વકીલોને લોકઅદાલતમાં જે કેસોનો નિકાલ થાય તેવો હોય તેને તે અદાલતમાં લઇ જવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. જેથી કેસોનો નિકાલ સમયમર્યાદામાં થશે, તો નાગરિકોનો ન્યાયતંત્રમાં વિશ્વાસ વધુ મજબૂત બનશે. પ્રોસિક્યુશનના નાયબ નિયામક શ્રી રાકેશ રાવે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, કન્વીકશન રેટ વધારવો છે, આ માટે સરકાર વકીલની ભુમિકા વિશે વિસ્તૃત સમજ આપવા માટે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયના વિવિધ તાલુકા કોર્ટમાં ફરજ બજાવતા ૬૧૩ વકીલો આ પરિસંવાદમાં સહભાગી બન્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, લોકશાહી દેશમાં સંસ્થાને મજબૂત બનાવવા માટે કોર્ટ છે. ન્યાયતંત્રમાં રહેલી સામાન્ય નાગરિકને શ્રધ્ધા અને વિશ્વાસને ટકાવી રાખવાની જવાબદારી વકીલો પર રહેલી છે.

કાર્યક્રમના અંતે કાયદાના સંયુક્ત નિયામક અને આઇ.પી.એસ અધિકારી સુ.શ્રી વિધિ ચૌધરીએ આભારવિધી કરી હતી. આ પરિસંવાદમાં વિવિધ તાલુકા કોર્ટમાં સરકારી વકીલ તરીકે ફરજ બજાવતા વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# બાજોઠીયા ખાતે પ્રોફેશનલ પ્રેસ યુનિટી ની સાધારણ સભા યોજાઇ.



(બનાસકાંઠા બ્યુરો સમાચાર)

આજ રોજ પાલનપુર તાલુકાના બાજોઠીયા મહાદેવ ના મંદિર ખાતે પ્રોફેશનલ પ્રેસ યુનિટી ની સાધારણ સભા યોજાઇ હતી. જેમાં બાજોઠીયા મહાદેવ મંદીર ના મહંત જયરામગિરી તેમજ યુનિટી ના સભ્યો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ સાધારણ સભા માં પત્રકાર મિત્રો ને લગતા અનેક સવાલો નું નિરાકરણ કરવામાં આવ્યુ હતુ. પ્રોફેશનલ પ્રેસ યુનિટી ના પ્રમુખ દશરથસિંહ સોલંકી ને યનિટી તરફ થી સિંહ ની મોમેન્ટ આપી તેમજ સાલ અને ફુલહાર થી સન્માન કરવામાં આવ્યુ હતુ. અને યુનિટી તરફ યુનિટી માં દરેક સભ્યો નુ સાલ તેમજ ફુલહાર થી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પત્રકાર એ દેશ ની ચોથી જાગીર કેવાય છે પત્રાકાર ઉપર થતા અન્યાય તેમજ અત્યાચાર ના બનાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે પત્રકારો માં પણ હવે જાગૃતતા જોવા મળી રહી છે. ત્યારે ઉત્તર ગુજરાત ની જાણીતી પ્રોફેશનલ પ્રેસ યુનિટી પણ હવે પત્રાકારો ઉપર થતા અત્યાચાર ને અટકાવવા આગળ આવી રહી છે.

પ્રોફેશનલ પ્રેસ યુનિટી ના પ્રમુખ શ્રી દશરથસિંહ સોલંકી તરફ થી ૫૧૦૦૦ હજાર યુનિટી ને દાન જાહેર કરવામાં આવ્યુ હતુ. અને યુનિટી ના ૧૦૦ કરતા વધારે સભ્યો ને અકસ્માત વિમો પ્રમુખ તરફ થી ઉતારી આપવામાં આવ્યો. પ્રોફેશનલ પ્રેસ યુનિટી દ્વારા અવાર નવાર જનતાલક્ષી અને જનતા ના સળગતા પ્રશ્નો ને લઇ તેનુ નિરાકરણ કરવા નો હેતુ રહ્યો છે. આ યુનિટી ને જન્મ જાતી કે ધર્મ નો કોઇ પણ જાતનો ભેદભાવ કે દ્રેસભાવ વગર લોકો ના હિત માં હંમેશા અગ્રેશર રહી છે.

# આપે જાહેર કર્યું સંગઠનનું નવું માળખું, ઈશુદાન અને ઈંદ્રનીલ રાજ્યગુરુને મોટી જવાબદારી મળી

,અમદાવાદ,તા.૧૨

વિધાનસભાની ચૂંટણી પહેલા જ ગુજરાતમાં આપ દ્વારા સંગઠનનું માળખું વિખેરી નાખવામાં આવ્યું હતું. આજ રોજ આપ ગુજરાતના પ્રભારી સંદિપ પાઠકે નવા માળખાની જાહેરાત કરી છે. જેમાં 'ઈસુદાન ગઢવીને આપના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી અને ઈન્દ્રનિલ રાજયગુરુને નેશનલ જોઈન્ટ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. અને કૈલાશ ગઢવીને ગુજરાતના ખજાનચી બનાવાયા છે.'

વધુમાં તેમણે જણાવ્યુ હતું કે ગુજરાતમાં આપઁની ૧૧ લોકોની ટિમ કામ કરી રહી છે .આપનું સંગઠન કોઈ પણ પાર્ટીના સંગઠનને ચેતવણી આપવા હવે મજબૂત છે. ગુજરાતમાં સંગઠન બનાવવા ની સ્પીડ પંજાબ કરતા વધારે ઝડપી છે. લોકોમા ઊર્જા જોવા મળી રહી છે.

આ પ્રસંગે ઈશુદાન ગઢવીએ જણાવ્યુ હતું કે, મને જવાબદારી આપવા બદલ કેજરીવાલ સહિત તમામ નો આભાર માનું છું. પુરી નિષ્ઠા સાથે જવાબદારી નિભાવવાનીપુરી કોશિશ કરીશ. આજે પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. હજુ બીજી અને ત્રીજી લિસ્ટ આવશે.

આ પ્રસંગે ડૉ.સંદીપ પાઠકે જણાવ્યુ હતું કે, સંગઠન સ્વસ્થ અને એક્ટિવ જોવું જોઈએ. સંગઠન મોટું હોવાથી કાઈ થતું નથી. અમે સાચા સમયે ઝસ નો ચહેરો જાહર કરીશું. પ્રમુખ સારું કામ કરે છે એટલે નથી બદલ્યા. ઈશુદાન અને ઈંદ્રનીલ નેશનલ લેવલે પણ સારું કામ કરશે એવું અમારું માનવુ છે. પાર્ટી બહુ મોટી થઈ ગઈ છે. એટલે લોકોને ધ્યાન માં રાખી ને ઇલેકશન પહેલા આ નિર્ણય લીધો છે. અહીં પદની લાલશ થી કોઈ નથી આવ્યું. એટલે તેને ઈમાનદારી થી ફરજ નિભાવીશું.

## ધોરણ ૧૦ અને ૧૨ માં વર્ષ ૨૦૨૨માં

# ઉતીર્ણ થયેલ વિદ્યાર્થી ઓને સન્માન પત્ર અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા

(પાટણ બ્યુરો સમાચાર)

માનવતા અધિકાર સહાયતા સંઘ પાટણ જિલ્લા ના પ્રમુખશ્રી રજનીભાઇ મહેતા, મહિલા પ્રમુખશ્રી માનસીબેન ત્રિવેદી ની આગેવાની માં ધોરણ ૧૦ અને ૧૨ માં વર્ષ ૨૦૨૨ માં આ ગ્રેડ સાથે ઉતીર્ણ થયેલ વિધાર્થી ઓ ને સન્માન પત્ર અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



આ કાર્યક્રમ માં મુખ્યમહેમાન ગુજરાત પ્રદેશ શૈક્ષણિક મહાસંઘ ના અધ્યક્ષ શ્રી ભીખાભાઇ પટેલ, ઉપાધ્યક્ષ શ્રી બાબુભાઇ પટેલ તથા માનવતા અધિકાર સહાયતા સંઘ ના પ્રદેશ અધ્યક્ષ રમેશભાઈ ઠક્કર હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ નું સુંદર સંચાલન ચંદ્રકાન્ત ઠક્કર, પ્રકાશભાઈ પંચાલ, હેતલબેન નાયી, સુરેશભાઈ જાની, પોપટજી ઠાકોર, ગૌતમભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન શ્રી ભીખાભાઇ પટેલ દ્વારા બાળકો એ શિક્ષણ સાથે સામાજિક મૂલ્ય યુકત શિક્ષણ પર ભાર મુકવા તથા વધુ માં વધુ પુસ્તકાલય નો ઉપયોગ કરી વાંચન વધારી મૂલ્ય વર્ધક શિક્ષણ પર ભાર આપયો હતો. જે શિક્ષણ થી દીકરા નું ઘર જેવા વૃદ્ધાશ્રમ ખોલવા પડે તેવા શિક્ષણ કરતા સમાજ ઉપયોગી શિક્ષણ પર ભાર મુકવા અનુરોધ કર્યો હતો

પ્રદેશ અધ્યક્ષ રમેશભાઈ ઠક્કર દ્વારા અભિનય ગીત રજુ કરી સમાજ માં શિક્ષક તથા શિક્ષણ અંગે જાગૃતિ લાવી શકાય તેવું દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

તમામ મહાનુભાવો એ માનસીબેન ત્રિવેદી અને રજનીભાઇ મહેતા આ કાર્ય ના ખુબ વખાણ કર્યા.

સંસ્થા દ્વારા ગુજરાત અને ભારત સરકાર ની વિવિધ યોજના ના લાભ લોકો કેવીરીતે મેળવી શકે તે અંગે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ ના સંચાલક શ્રી ચંદ્રકાન્ત ઠક્કર દ્વારા સંસ્થા દ્વારા થતા વિવિધ કાર્યક્રમ ની વિગતવાર માહિતી આપવા માં આવી હતી.





સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ યોગદાન થકી મહેસાણા જિલ્લા અને ગુજરાત રાજયનું નામ રોશન કરવા બદલ ગૌરવવંતા ગુજરાતી પુરસ્કારથી સમગ્ર યુનિટ ઓફ યુવા ભૂદેવ ટીમ અને અધ્યક્ષ તરીકે જતીનભાઈ રાવલ ને અક્ષર મૈત્રી સાહિત્ય વર્તુળ ગુજરાત તેમજ નીરુ ફિલ્મ અને નીરુ મ્યુઝિક ના સંસ્થાપક ડો. કેતનભાઈ પંડ્યા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા એ બદલ સમગ્ર .Y.B. ટીમ વતી આપ સર્વે નો ખુબ ખુબ આભાર

# સત્ય માટે લડતા હતા સત્ય માટે લડતા રહીશું : શ્રી જગદીશ ઠાકોર

અમદાવાદ,તા.૧૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વ રાહુલ ગાંધીજી પર કરવામાં આવેલા ખોટા કેસ વિરૂદ્ધ કાર્યક્રમ અંગેની વિગત આપતી રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સીબીઆઈ, ઈડી સહિતની કેન્દ્રીય સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરી જનતાના અવાજને - વિપક્ષના અવાજને દબાવવાનો નિષ્ફળ - નિરર્થક પ્રયાસ ભાજપ સરકાર કરી રહી છે. કોંગ્રેસ કાર્યકર - નેતા, આગેવાનોને દબાવવાનો, ડરાવવાનો, બદનામ કરવાનો અને મુશ્કેલીમાં મુકવાથી કોંગ્રેસ પક્ષનો કાર્યકર ભાંગી પડશે તે ભુલ ભરેલુ છે. અમદાવાદ, મેમનગર ઈડી ઓફિસની સામે સોમવારે સવારે ૧૦-૦૦ કલાકે કોંગ્રેસ પક્ષ દેખાવો - ધરણા પ્રદર્શન કરશે. "સત્ય માટે લડતા હતા સત્ય માટે લડતા રહીશું" અને અસત્ય સામેની લડાઈમાં જીત મેળવશે.

તેમણે કહ્યું હતું કે મોટેરા સ્ટેડિયમનું જેના નામે પ્રખ્યાત બન્યું તેવા ગુજરાતના પનોતા પુત્ર અખંડ ભારતના રચયતા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ભુસવાનું હિનકૃત્ય ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીથી મોટેરા સુધીની યાત્રાને બારડોલીમાં પોલીસ તંત્રના બળજબરી દ્વારા કાર્યકર્તા, આગેવાનોને ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રી અનંત પટેલ, આનંદ ચૌધરીને પણ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી ત્યારે ગુજરાત સવાલ પુછે છે કે, સરદારને માત્ર ચૂંટણીલક્ષી ઉપયોગ કરતી ભાજપે મોટેરાના સરદાર પટેલ સ્ટેડિયમનું નામ કેમ બદલવામાં આવ્યું ?

પત્રકાર પરિષદને સંબોધન કરતાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા શ્રી પવન ખેરાજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રની ધરોહર એવી નેશનલ હેરાલ્ડની શરૂઆત પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, શ્રી પુરષોત્તમ ટંડન, આચાર્ય નરેન્દ્ર દેવ, શ્રી રફી મહંમદ કીડવાઈ જેવા મહાનુભાવોએ કરી હતી જેણે ભારત છોડો ચળવળમાં બ્રીટીશ શાસનને પડકાર્યો હતો. અંગ્રેજો દ્વારા નેશનલ હેરાલ્ડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ ઘટનાને વખોડતા પુજ્ય મહાત્મા ગાંધીજીએ "રાષ્ટ્રીય ચળવળ માટેની કરૂણ ઘટના" તરીકે વર્ણવ્યું હતું. સત્તા મેળવવા માટે "બદલાવની વાત" કરતી મોદી સરકાર, સત્તા મેળવ્યા બાદ "બદલાની રાજનીતિ" કરી રહી છે. વર્તમાન સમયમાં સંપાદકીય ઉત્કૃષ્ટતા છતાં નેશનલ હેરાલ્ડ નાણાંકીય તંગી અનુભવી રહ્યું હતું. આ નાણાકીય કટોકટીમાંથી ઉગરવા માટે કોંગ્રેસ પક્ષે ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન ૧૦૦ હપ્તે ૯૦ કરોડની રકમ નેશનલ હેરાલ્ડના કર્મચારીઓના પગાર, સ્વેચ્છિક નિવૃત્તી, વિજળી બીલ, વેરો સહિતની ચૂકવણી માટે આપ્યા હતા. ભાજપ અને તેના મળતીયાઓ નેશનલ હેરાલ્ડને આપેલા ૯૦ કરોડની લોન આપવાની બાબતને ગુન્હો ગણાવે છે પરંતુ ભારતના ચૂંટણી પંચે આ બાબતમાં કોઈપણ પ્રકારનો ગુન્હાહિત વાત ન હોવાનું જણાવ્યું હતું.

## મુખ્ય સચિવ પંકજ કુમાર કોરાના સંક્રમિત થયા : હોમ કવોરેન્ટાઇન થયા

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમા ધીમી ગતિએ કોરોનાએ દસ્તક આપી છે. હવે ટોચના સરકારી અધિકારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યાં છે. રાજયના મુખ્ય સચિવ પંકજ કુમાર કોરોનાગ્રસ્ત થયા છે. હાલ તેઓ હોમ ક્વોરેન્ટાઈન રહીને સારવાર કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, પંકજ કુમાર બીજીવાર કોરોના સંક્રમિત થયા છે. તેઓ ગત વર્ષે બીજી લહેરમાં પણ કોરોના સંક્રમિત થયા હતા. ગત વર્ષે ૨૦૨૧ પણ પંકજ કુમાર કોરોના સંક્રમિત થયા હતા. ત્યારે હવે ચોથી લહેરમાં પણ તેઓ કોરોના સંક્રમિત થયા છે. કોરોનાની નવી લહેરમાં ટોચના અધિકારી સંક્રમિત થવાનો આ પહેલો કેસ છે. હાલ પંકજ કુમાર ગાંધીનગરના નિવાસસ્થાને સારવાર લઇ રહ્યાં છે. ગુજરાતમાં કોરોના ફરી એક વાર તીવ્ર ગતિએ ફેલાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૫૪ કેસ નોંધાયા છે. ફરી એકવાર કોરોનાના કેસમાં ઉછાળો આવતાં તંત્ર ચિંતિત બન્યુ છે. તે માટે અનેક શહેરોમાં ટેસ્ટીંગ અને વેક્સીનેશન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# પરમ પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદ ચાણસ્મા હાઈવે આવેલ યોગાશ્રમ ખાતે સુખડી અને છાસનું વિતરણ કરવામાં આવ્યું

પાટણ બ્યુરો સમાચાર)

આજરોજ ચાણસ્મા સ્વામીસચ્ચિદાનંદ યોગાશ્રમ ખાતે તારીખ : ૧૨/૬/૨૦૨૨ ના રોજ સવારે ૭ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી જરૂરિયાતમંદ લોકોને સુખડી અને છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું

ચાણસ્મા ખાતે આવેલા પરમ પૂજયસ્વામી સચ્ચિદાનંદ યોગાશ્રમ ચાણસ્મા હાઈવે જેમાં સુંદર બાલવાટીકા. બાગબગીચો. પંખીઘર. સતસંગહોલ . સ્વામીજી ની સમાધિ ના દર્શન મંદિર. હનુંમાનદાદાનું મંદિર. શિકોતર માતાજીનું મંદિર .અતિથિ મહેમાન માટે સુંદર રહેવા માટેની વ્યવસ્થા અને વર્ષાથી ચાલતી સ્વામીસચ્ચિદાનંદ ગુરૂજીની સેવાકીય પ્રવૃતિ થી રોજેરાજ અન્નક્ષેત્ર દ્વારા જરૂરીયાતમંદને ભોજન બેસાડીને જમાડવામાં આવે છે.ચાણસ્મા આશ્રમ માં વર્ષાથી ચાલતી ગુરુજીની સેવાકીય પ્રવૃત્તિનો દાન અને તિથિનો ભોજન આપવાનો લાભ તમામ લોકો લઈ શકે છે આ એક સુંદર સેવાનું કાર્ય છે આ કાર્યમાં સૌ સહભાગી બની શકે છે આ બાબતે ગુરૂ પુનમ ના દિવસે ગુરૂજીની પાદુકાનું પુજન કરવામાં આવે છે



આ પ્રસંગે તમામ ભક્તજનો આ પ્રસંગનો લાભ લઈ શકે છે

સેવાકીય પ્રવૃતિઓ

ગુરૂજીના આશ્રમ ખાતે મેડીકલ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવે છે

વિદ્યાથીઓને રાહતના દરે નોટો અને ચોપડાઓનું વિતરણ કરવામાં આવે છે

રોજેરોજ જરૂરિયાતમંદ લોકોને ભોજન આપવામાં આવે છે

દર રવિવારે સુખડી અને છાસનું વિતરણ કરવામાં આવે છે

તેમજ અન્ય સેવાકીય કેમ્પ પણ કરવામાં આવે છે

દાતાશ્રીઓ દાન આપવા અથવા તિથિ ભોજન આપવા માટે આશ્રમ કાર્યાલય અથવા પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટ્રી શ્રીનો કોન્ટેક કરવો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.